RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 165* Date: 13.04.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગુજરાતના ઉર્જા-ઉદ્યોગમંત્રી સૌરભ પટેલની કબૂલાત

# લૉકડાઉન બાદ ઉદ્યોગોને બેઠા કરવામાં ત્રણ મહિના લાગશે

*ગાંધીનગર,તા.૧૨*

કોરોના મહામારી સામે લડવા સમગ્ર ભારત ૨૧ દિવસના લોકડાઉનમાં છે અને ૧૪ એપ્રિલ પછી પણ લોકડાઉનમાં વધારો કરવાની તૈયારી ચાલી રહી છે ત્યારે અર્થતંત્રને થનારી અસરોમાં, ગુજરાતમાં લોકડાઉન બાદ ઉદ્યોગોને ઉત્પાદનની સામાન્ય સ્થિતિમાં આવતાં ઓછામાં ઓછા ૩ મહિના લાગશે એટલું જ નહીં નાના ઉદ્યોગને લોકડાઉનને કારણે સૌથી વધારે તકલીફ પડશે,એમ અન્ય કોઇ નહીં પરંતુ ખુદ રાજ્યના ઉર્જા અને ઉદ્યોગમંત્રી સૌરભ પટેલે જાહેર કર્યું છે.

કોરોનાથી ગુજરાતમાં પણ ૨૪ માર્ચની મધરાતથી સમગ્ર વેપાર-ધંધો-રોજગાર વગેરે. બંધ છે.નાના મોટા કારખાના, ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રવૃતિઓ ઠપ્પ છે. ક્યારે સમગ્ર પરિસ્થિતિ સામાન્ય બનશે તે હજુ નક્કી નથી અને લોકડાઉનમાં વધારો કરવાની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે રાજ્યના ઉદ્યોગને ફરી બેઠા થતાં ઓછામાં ઓછા ૩ મહિનાનો સમય સાગે તેમ છે. ઉર્જા-ઉદ્યોગમંત્રી પટેલે એક ખાનગી ટેનલને આપેલી મુલાકાતમાં સ્વીકાર્યું કે જો કોરોનાને રોકવા લોકડાઉનનો નિર્ણય સમયસર લેવાયો ન હોત તો ભારતની હાલત યુરોપના ઈટાલી જેવી થઇ ગઇ હોત. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા અમગચેતી રાખીને સમયસર પગલા લેવાયા છે.

તેમણે સ્વીકાર્યું કે ગુજરાતમાં ઉદ્યોગો વગેરે. બંધ છે. અને તેમને ફરીથી બેઠા થતાં ઓછામાં ઓછા ૩ મહિનાનો સમય લાગી શકે. એટલે કે જો ૧ મેના રોજ લોકડાઉન ખુલે તો ઓગસ્ટ-૨૦૨૦ સુધી ઉદ્યોગોને સમય લાગશે. જેમાં નાના ઉદ્યોગોને સૌથી વધારે તકલીફ પડશે.તેમણે ખેડૂતોના હિતમાં લેવાયેલા નિર્ણય અંગે કહ્યું કે, હાલમા ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી આપવાની વ્યવસ્થા નથી. તેથી સરકારે એમ નક્કી કર્યું કે ૩ વર્ષમાં ૩ હજાર કરોડના ખર્ચે નવી વ્યવસ્થા ઉભી કરીને ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે. કેમ કે ખેડૂતોની એવી માંગ રહી છે કે ખેતી માટે રાત્રે વીજળી આપવાથી તેમને પાણી વાળવા માટે રાત્રે ખેતરમાં જવુ પડે છે. જો દિવસે વીજળી આપવામાં આવે તો રાતના ઉજાગરા કરવા ના પડે. તેથી સરકાર ૩ બજાર કરોડના ખર્ચે એવી વ્યવસ્થા કરશે કે ખેતરોમાં રહેલા વીજળીના ફિડર-ટ્રાન્સફોર્મર વગેરે. દ્વારા દિવસે વીજપ્રવાહ વહેતો કરવામાં આવે અને ખેડૂતો દિવસે ખેતરમાં વીજળીનો ઉપયોગ કરીને ટ્યુબવેલ કે બોરનું પાણી ખેતરમાં વહેતુ કરી શકશે.

કોરોના અને લોકડાઉન અંગે તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઇની સરકાર દ્વારા કોરોનાને ડામવા લોકડાઉનનો નિર્ણય સમયસર લેવાયો છે. જો તેમાં વિલંબ થયો હોત તો ભારતની હાલત યુરોપના દેશો જેવી થઇ ગઇ હોત. જ્યાં મોડા નિર્ણયથી હજારો લોકો માર્યા ગયા છે.દરમ્યાન, સૂત્રોએ કહ્યું કે રાજ્યમાં જીઆઇડીસી અને



અન્યત્ર આવેલા નાનામોટા ઉદ્યોગોને ફરી ધમધમતા કરવા માટે સરકારે કોઇ આર્થિક પેકેજ જાહેર કરવુ જોઇએ. લોકડાઉન પહેલાથી જ આર્થિકક્ષેત્રે સુસ્તીના કારણે ગુજરાતના નાના મોટા ઉદ્યોગોને અસર થઇ છે અને હવે ૨૧ દિવસ સુધી સતત ઉત્પાદન પ્રક્રિયા ઠપ્પ છે. ત્યારે તેને પૂર્વવત સ્થિતિમાં લાવવા માટે સરકારી સહાય અનિવાર્ય છે. જો કે ફાર્મા ઉદ્યોગ ધમધમી રહ્યું છે.

### મહારાષ્ટ્ર, દિલ્હી અને તમિલનાડુ સૌથી વધુ પ્રભાવિત

# કોરોના વિસ્ફોટઃ ૨૪ કલાકમાં ૩૪ના મોત,૯૦૯ નવા કેસ પોઝિટિવ કેસ




*ન્યુ દિલ્હી,તા.૧૨*

ભારતમાં કોરોના વાયરસે છેલ્લા ૨૪ કલાકમાં ૩૪ લોકોના જીવ લઈ લીધા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલયે સવારે જારી કરેલા આંકડામાં આ જાણકારી આપી છે. આ દરમિયાન ૯૦૯ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. દેશમાં હવે કોરોના વાયરસના કુલ ૮૩૫૬ કન્ફર્મ મામલા છે, જ્યારે એક્ટિવ કેસ ૭૩૬૭ છે. અત્યાર સુધી કોવિડ-૧૯ની મહામારીને કારણે ૨૭૩ લોકોના મોત થયા છે. તો સ્વસ્થ થઈને ડિસ્ચાર્જ થનારની સંખ્યા ૭૧૬ છે.

હેલ્થ મિનિસ્ટ્રીના આંકડા પ્રમાણે, દેશમાં મહારાષ્ટ્ર કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત છે. અહીં કુલ કન્ફર્મ કેસોની સંખ્યા ૧૭૬૧ થઈ ગઈ છે. રાજ્યમાં અત્યાર સુધી ૧૨૭ લોકોના મોત થયા છે. ત્યારબાદ સૌથી વધુ કેસ દિલ્હીમાં છે, જ્યાં ૧૦૬૯ મામલા સામે આવ્યા છે. દિલ્હીમાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. તમિલનાડુમાં અત્યાર સુધી ૯૬૯ કેસ સામે આવ્યા અને ૧૦ લોકોના મોત થયા છે. રાજસ્થાનમાં ૭૦૦, મધ્યપ્રદેશમાં ૫૩૨ અને તેલંગણામાં ૫૦૪ કન્ફર્મ કેસ છે.

કોરોના સંક્રમણને રોકવાની એક રીત લૉકડાઉન છે. ભારતે ૨૧ દિવસના લૉકડાઉનની જાહેરાત કરી હતી જે ૧૪ એપ્રિલે સમાપ્ત થઈ રહ્યું છે. તેવી સંભાવના છે કે લૉકડાઉનનો બીજો તબક્કો ૩૦ એપ્રિલ સુધી ચાલશે. કેટલાક રાજ્યોએ લૉકડાઉનની જાહેરાત કરી દીધી છે. પરંતુ કેન્દ્ર સરકારે હજુ કોઈ ઔપચારિક જાહેરાત કરી નથી. શનિવારે સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે, જો આપણે લૉકડાઉનના પગલાંને ન ભર્યું હોત તો ૧૫ એપ્રિલ સુધી દેશમાં કોરોના વાયરસના પોઝિટિવ મામલાની સંખ્યા ૮.૨ લાખ સુધી પહોંચી હોત.

**દિલ્હીના હેલ્થ બુલેટિનમાંથી મરકજનું કોલમ હટાવાયું**

નિઝામુદ્દીન મરકજમાં એકત્રિત થયેલા તબલીઘ જમાતને દેશમાં કોરોના સંક્રમણના કેસ વધવા પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે. પણ હવે કેજરીવાલ સરકારે તેના હેલ્થ બુલેટીનમાં મરકજ કેટેગરી હટાવી દીધી છે. તેને બદલે અંડર સ્પેશ્યલ ઓપરેશન્સ લખવામાં આવ્યુ છે. આ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં દિલ્હીના આરોગ્ય પ્રધાન સત્યેન્દ્ર જૈને કહ્યું હતું કે મરકજ ઓપરેશન એક જ ન હતું, તેની સાથે અન્ય ઘણાબધા જોડાયેલા હતા. હવે આ તમામને એક કેટેગરી હેઠળ લાવવામાં આવ્યા છે. તેનાથી કોઈ ફેર પડશે નહીં. મરકજના લોકોના આંકડા અલગથી લખવા બદલ દિલ્હી લઘુમતી પંચે સખત વાંધો ઉઠાવ્યો હતો.

**પોઝિટિવ કેસ** 493 | **મોત** 23 | **રિકવર** 44

| જિલ્લો | પોઝિટિવ | મોત |
|---|---|---|
| અમદાવાદ | 266 | 11 |
| ગાંધીનગર | 15 | 1 |
| સુરત | 28 | 4 |
| વડોદરા | 95 | 2 |
| રાજકોટ | 18 | 0 |
| ભાવનગર | 23 | 2 |
| કચ્છ | 4 | 0 |
| મહેસાણા | 2 | 0 |
| ગીર સોમનાથ | 2 | 0 |
| પોરબંદર | 3 | 0 |
| પંચમહાલ | 1 | 1 |

| જિલ્લો | પોઝિટિવ | મોત |
|---|---|---|
| પાટણ | 14 | 1 |
| છોટાઉદેપુર | 3 | 0 |
| જામનગર | 1 | 1 |
| મોરબી | 1 | 0 |
| સાબરકાંઠા | 1 | 0 |
| આણંદ | 7 | 0 |
| દાહોદ | 1 | 0 |
| ભરૂચ | 8 | 0 |
| નવસારી | 0 | 0 |
| ડાંગ | 0 | 0 |
| અમરેલી | 0 | 0 |

| જિલ્લો | પોઝિટિવ | મોત |
|---|---|---|
| નર્મદા | 0 | 0 |
| બનાસકાંઠા | 0 | 0 |
| સુરેન્દ્રનગર | 0 | 0 |
| ખેડા | 0 | 0 |
| વલસાડ | 0 | 0 |
| જૂનાગઢ | 0 | 0 |
| તાપી | 0 | 0 |
| દેવભૂમિ દ્વારકા | 0 | 0 |
| મહીસાગર | 0 | 0 |
| અરવલ્લી | 0 | 0 |
| બોટાદ | 0 | 0 |

ઘરે રહો સુરક્ષિત રહો

### વિશ્વમાં સૌથી વધારે કેસ અને મોત અમેરિકામાં નોંધાયા

# કોરોના બેકાબ:વિશ્વમાં ૧.૮ લાખના મોત,૧૭ લાખથી વધુ લોકો સંક્રમિત

*લંડન/રોમ,તા.૧૨*

કોરોના વાયરસથી ચીનના વૃહાન શહેરમાં સૌથી પહેલું મોત ૯ જાન્યુઆરીએ સાંજે ૬૧ વર્ષીય એક વૃદ્ધનું થયું હતું. ચીનના સત્તાવાર આંકડા પ્રમાણે આ ચીનનું અને વિશ્વનું સૌથી પહેલું મોત હતુ. આ ઘટનાના ૯૨ દિવસમાં વિશ્વમાં મૃત્યુઆંક ૧ લાખને પાર થઈ ગયો છે. અત્યારે વિશ્વમાં ૧૦૮,૮૩૮ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૧,૭૮૦,૯૦૩ લોકો કોરોના ગ્રસ્ત છે. ત્યારે ૪૦૪,૪૯૭ લોકો સાજા થતા એક્ટિવ કેસની સંખ્યા ૧,૨૬૭,૫૬૮ છે. વિશ્વમાં થયેલા કેસમાં યુરોપમાં કુલ કેસ ૮.૫૩ લાખ અને મૃત્યુઆંક ૭૩૬૨૫ છે. જ્યારે એશિયા કુલ કેસ ૨ ૮૭ ૩૧૮ અને મૃત્યુઆંક ૧૦ ૬૦૦ છે. ત્યારે ભારત પોઝિટિવ કેસના મુદ્દે એશિયામાં ૬ નંબરે છે. જ્યારે વિશ્વમાં સૌથી વધારે કેસ અને મોત અમેરિકામાં નોંધાયા છે.

**બ્રિટનના પીએમએ હોસ્પિટલ સ્ટાફનો આભાર માન્યો**

બ્રિટનનાં પ્રધાનમંત્રી બોરિસ જોનસનની તબિયતમાં સુધારો આવતા આઈસીયુમાંથી બહાર લાવવામાં આવ્યા હતા. આ બાદ તેણે પ્રથમ નિવેદન આપ્યું છે. તેઓએ જે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે એટલે કે સેન્ટ થોમસ હોસ્પિટલમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા (એનએચએસ)ના તમામ કર્મચારીનો આભાર માન્યો છે. તેમજ કહ્યું હતું કે આ લોકોનું જીંદગીભર મારા ઉપર ઋણ રહેશે.

**વિશ્વભરમાં ૨૨ હજાર સ્વાસ્થ્ય કર્મચારી સંક્રમણનો ભોગ**

વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ ૫૨ દેશમાં કોરોના સામે લડાઈ લડી રહેલા ૨૨ હજાર ૭૩ સ્વાસ્થ્ય કર્મચારીઓ સંક્રમણનો ભોગ બન્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મતે સ્વાસ્થ્ય કર્મચારીઓને પુરતા પ્રમાણમાં સુરક્ષાના સાધનો આપવા જોઈએ. તેઓ માટે સારા વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.

**ઈટલીમાં મૃતકોની અંતિમ વિધી કરતા કોરોનાગ્રસ્ત થયેલા પાદરીઓ ૧૦૦ના મોત**

ઈટલીના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તાર બેરગામોમાં અંતિમ સંસ્કાર કરવા પહોંચેલા ૧૦૦ પાદરીઓના મોત થયા છે. આમાંથી મોટાભાગના પાદરીઓ સેવા નિવૃત્ત હતા. મરનારામાં રેવ ફાઉસ્ટો રેસમિની(૬૭) પણ હતા. રેવને બેરગામો જેલમાં ચર્ચની સ્થાપના કરી હતી. ૩૦ વર્ષથી તેઓ અહીં હતા. તેમના સાથી પાદરીએ જણાવ્યું કે ૨૩ માર્ચના રોજ પાદરીનું નિધન થયુ હતું. ગત મહિને અંતિમ સંસ્કારની વિધી પુરી કરતા સમયે તેઓ સંક્રમિત થયા હતા.

**ચીનમાં ૨૪ કલાકમાં ૯૯ નવા કેસ નોંધાયા**

એક સપ્તાહમાં ચીનમાં એક દિવસમાં સૌથી વધારે કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં ૯૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. તેમાંથી ૯૭ કેસ વિદેશમાંથી આવેલા છે. અહીં કુલ ૮૨ ૦૫૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. ચીનમાં કોરોનાના કુલ ૧,૧૩૮ દર્દીઓ સારવાર હેઠળ છે.

**સિંગાપોરમાં ૫૧ ભારતીય પોઝિટિવ આવ્યા**

સિંગાપોરમાંથી ભારતીયો માટે સારા સમાચાર નથી. અહીં અત્યાર સુધીમાં ૧૯૧ કેસ આવ્યા છે. આ પૈકી ૫૧ ભારતીય છે. તાજેતરમાં એક વ્યક્તિનું મોત થયુ હતું. સ્થાનિક પ્રશાસને કહ્યું છે કે સંક્રમિતોમાં મોટાભાગે વિદેશી કર્મચારી છે.

### પોલીસે સાત આરોપીઓની ધરપકડ કરી,બે પોલીસકર્મી ગંભીર રીતે ઘાયલ

# પંજાબમાં પોલીસે કર્ફ્યૂ પાસ માંગતા નિહંગોનો હુમલોઃ એએસઆઈનો હાથ કાપી નાખ્યો

પટિયાલા,તા.૧૨

પટિયાલા શાકમાર્કટમાં રવિવારે સવારે નિહંગો દ્વારા (શીખ ધર્મના બ્લુ રંગના કપડા પહેરેલા હથિયારધારીઓ) એક પોલીસ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર પર હુમલો કરી તેનો હાથ કાપી નાંખવાની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. લોકડાઉનના પાલન માટે પોલીસ ફરજ બજાવી રહી હતી અને આ નિહંગો પાસે કર્ફ્યૂ પાસ માંગવામાં આવતા પોલીસ પર હુમલો કરાયો હતો જેમાં એક એએસાઈનું કાંડુ કાપી નાંખવામાં આવ્યું હતું તેમજ અન્ય બે પોલીસકર્મીઓને ઈજા પહોંચી હતી.

હુમલાખોરો ગુરુદ્વારા ખિચડી સાહિબમાં છૂપાઈ ગયા હતા અને અંદરથી ગોળીબાર પણ કરાયો હતો. કમાંડોની ટીમે ગુરુદ્વારાની અંદરથી સાત આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

સીનિયર એસપી મનદીપ સિંહ સીધૂએ આપેલી માહિતી મુજબ ગાડીમાં પાંચ નિહંગ શાકમાર્કેટ આવ્યા હતા. માર્કેટના સ્ટાફે તેમની ગાડીને રોકીને કર્ફ્યૂ પાસ બતાવવા જણાવ્યું હતું. માર્કેટમાં લોકોના ટોળા એકત્ર ના થાય તે હેતુથી પાસ માંગવામાં આવ્યો હતો પરંતુ હુમલાખોરો પાસે પાસ ના હોવાથી શાક માર્કેટના સ્ટાફ સાથે ઝઘડો કર્યો હતો અને તેમણે ગાડી આગળ દોડાવી બેરિકેડ તોડવા પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પોલીસે તેમની ગાડીને ઘેરી લીધી હતી.

નિહંગો દ્વારા તલવાર સહિતના હથિયાર વડે પોલીસ ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં એએસઆઈનું કાંડુ કાપી નાંખ્યું હતું. એએસઆઈની ઓળખ હરજીત સિંહ તરીકે થઈ છે. આ ઉપરાંત વધુ બે પોલીસ જવાનો પણ ઘાયલ થયા હતા. ગંભીર રીતે ઘવાયેલા એએસઆઈને પહેલા રાજીન્દર હોસ્પિટલ અને ત્યારબાદ પીજીઆઈએમઈઆર હોસ્પિટલ ચંદીગઢ રીફર કરાયા હતા.

હુમલાખોરો બાદમાં ત્યાંથી ભાગી ગયા હતા અને ગુરુદ્વારામાં છૂપાયા હતા. પટિયાલા ઝોન આઈજી જતિંદર સિંહ પણ ગુરુદ્વારા પહોંચ્યા હતા ત્યાં તેમણે હુમલાખોરોને સરેન્ડર થવા ચેતવણી આપી હતી જો કે

# હવે એરપોર્ટ અને વિમાનોમાં પણ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો બનાવવામાં આવશે

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશમાં કોરોના વાઈરસના સંક્રમણના કેસમાં નાટકીય રીતે જે વધારો જોવા મળ્યો છે તે જોતા એ તો નક્કી છે કે, દેશમાં હવાઈ યાત્રા હાલના તબક્કે તો શરુ થવાના કોઈ એંધાણ નથી. પરંતુ અહીં એ પણ જાણવું જરૂરી છે કે હવે જ્યારે પણ હવાઈ મુસાફરી શરુ થશે તો પહેલા જેવું નહીં રહે. હવે એરપોર્ટ પર અને વિમાનોમાં સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો બનાવવામાં આવશે અને હવાઈયાત્રા મોંઘી પણ બની જશે.સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર સોશિયલ ડિસ્ટન્સિંગ યાત્રીઓના એરપોર્ટ પ્રવેશ પહેલા જ શરૂ થઈ જશે. એરપોર્ટ પર તૈનાત સીઆઈએસએફ થર્મલ ટેમ્પરેચર સ્કેનરથી સજ્જ હશે અને જો યાત્રીને તાવ જેવા કોઈ લક્ષણ દેખાશે તો તેમને એરપોર્ટમાં પ્રવેશ આપવામાં નહીં આવે. યાત્રીઓની લાઈનોમાં પણ કડક વલણ દાખવામાં આવશે અને એક બીજા યાત્રીઓ વચ્ચે ઓછોમાં ઓછું એક મીટરનું અંતર જાળવામાં આવશે. આ ઉરાંત વિમાનમાં મુસાફરી વખતે પણ યાત્રીઓની બેઠક વ્યવસ્થામાં પણ અંતર જાળવામાં આવશે.સોશિયલ ડિસ્ટન્સિંગને કારણે વિમાનમાં જો અડધા જ મુસાફરોને લઈ જવામાં આવશે તો એનો અર્થ સ્પષ્ટ છે કે, ટિકિટની કિંમતોમાં મોટો ઉછાળો આવશે. આ સ્થિતિમાં મુંબઈથી દિલ્હી વચ્ચે ટિકિટના દર ૮૦૦૦ થી શરુ થઈ શકે છે. કારણે કે વિમાનમાં અડધી સીટો ખાલી રાખવામાં આવશે જેથી તેમના નુકસાનની ભરપાઈ કરવા આ ભાવ વધારો થશે.ઓછા મુસાફરો સાથે ફલાઈટ ઉડાન ભરશે જેથી આપણા એરપોર્ટ જે પહેલાથી જ જગ્યાની મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે, ખાસ કરીને દિલ્હી અને મુંબઈ આ એરપોર્ટના કેટલાક ટર્મિનલ બંધ કરવા પડશે.

## તંત્રી સ્થાનેથી...

# વિપક્ષો નિષ્ક્રિય

*કોંગ્રેસ પાસે દેશની સેવા કરવાનો એક વધારાનો મોકો મળ્યો છે. કોંગ્રેસ ધારે તો આ જવાબદારી બહુ સારી રીતે અદા કરી શકે એમ છે. કોંગ્રેસ પાસે એક ચોક્કસ પ્રકારની કાર્યપદ્ધતિ છે અને ભારતીય પ્રજાને બહુ સારી રીતે એ આત્મસાત કરી શકે છે. પરંતુ દેશભરમાં જ્યાં જ્યાં કોંગ્રેસના નેતાઓ છે તેઓ વિધાનસભા કે સંસદની ચૂંટણી જીત્યા હોય કે હાર્યા હોય પરંતુ તેઓ તેમના મત વિસ્તારોમાં અત્યારે પૂરેપૂરા નિષ્ક્રિય દેખાય છે. ગુજરાત વિધાનસભાના વિપક્ષી નેતાની જેમ તેમાંના કેટલાક દરરોજ એકની એક ખિચડી અને છાલસહિતના બટેટાનું શાક સવાર-સાંજ બનાવે છે અને પછી મજૂરો અને કામદારોને શોધે છે, જે તો આસપાસમાં બહુ છે નહીં, એટલે કેટલાક ગરીબ પશુપાલકો લઈ જાય છે અને પોતાના પશુઓને ખવડાવી દે છે. આ સ્થિતિ દેશના અનેક કોંગ્રેસી નેતાઓમાં જોવા મળે છે. તેમનામાં લોકસેવાની ચેતના જ ગાયબ થઈ ગઈ છે.રાહુલ ગાંધીના નિવેદનો અને સોનિયા ગાંધીનો પત્ર-વ્યવહાર હજુ સુધી તેમના નેતાઓને અને કાર્યકરોને જનસેવા માટે પ્રેરણા આપી શક્યા નથી. ખરેખર આવા કપરા સમયમાં કોંગ્રેસે એના કાર્યકરો અને નેતાઓને પત્ર લખીને લોકસેવાનું મોડેલ આપવું જોઈએ અને દેશભરમાં પોતાના પક્ષ દ્વારા યોજાતા એ સેવાયજ્ઞાનું આકરું મોનિટરિંગ પણ કરવું જોઈએ. કોંગ્રેસના નેતાઓ તેમની સરકાર સત્તામાં ન હોવા છતાં દુબઈમાં સોનાના શો રૂમ ધરાવે છે અને ભાંગતી જતી કંપનીઓમાં પાછલે દરવાજેથી ભાગીદાર તરીકે સસ્તા કરારે પ્રવેશે છે. પરંતુ એમને એ ખબર નથી કે તેમના વિસ્તારમાં હાલ સેવાઓની ખરેખર ક્યાં અને કયા પ્રકારની જરૂર છે.માત્ર કોંગ્રેસની વાત નથી. દેશના તમામ વિપક્ષો આગ લાગે ત્યારે ઉંદર જેમ દરમાં છુપાઈ જાય એમ મેદાન છોડીને છુપાઈ ગયેલા છે. અરે કેટલાક ચૂંટાયેલા વિપક્ષી નેતાઓએ તો સરકારે ફંડફાળા માટે જે પગારકાપ અને અનુદાન-કાપ લાગુ કર્યા તેનો વિરોધ કરવામાં પડયા છે. કરોડો રૂપિયાની મળવાપાત્ર ગ્રાન્ટ હવે બે વરસ નહિ મળે એટલે એક એક બાંકડામાંથીય સાંઈઠથી સિત્તેર ટકા કટકી કરનારા નેતાઓના ખિસ્સાને હવે મંદીનો ભય લાગી રહ્યો છે. આ નેતાઓએ સ્મશાનની અંતિમવિધિ માટેના સાધનો આપ્યા છે અને એમાંથી પણ ચિક્કાર કટકી કરી છે એટલે તેઓ કેટલી હદે નિયમથી દૂર અને યમથી નજીક છે તે સમજી શકાય છે. ગુજરાતમાં થઈ ગયેલું મગફળી કૌભાંડ તો ઐતિહાસિક છે કે જેમાં ભાજપ અને કોંગ્રેસ બન્નેએ અઢળક બેનંબરી નાણાં પોતપોતાની તિજોરીમાં ભર્યા છે. દેશ અત્યારે અત્યંત વિકટ સમયમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે પ્રજાથી વિમુખ થઈને હિંચકે બેસી સુખમાં ઝૂલતા નેતાઓનો દેશમાં જુદો જ આખો વંશવેલો ફેલાયેલો છે.વળી દેશમાં હજુ પણ રાજકીય ખટપટ શાંત થઈ નથી. કોરોના જેવું કાળચક્ર દેશની માથે મોતના પયગામની જેમ ભમી રહ્યું હોય ત્યારે કેન્દ્રીય અને રાજ્ય કક્ષાના રાજકારણમાં ખટપટોનો દૌર હજુ ચાલુ જ છે. તેઓ હજુય જાણતા નથી કે ભારતને ઉંબરે વિકરાળ ભવિષ્ય ટકોરા દઈ રહ્યું છે એને પાછું વાળીને સોનાનો સૂરજ કઈ રીતે ફરી પાછો લાવવો ? એક તો વર્તમાનનું ભારે સંકટ છે અને જો જરાક જ ભૂલ થાય તો ભવિષ્ય અતિશય વિકટ બની શકે છે. કોરોનાને આગળ વધતો અટકાવવા અને જેઓ ચેપગ્રસ્ત છે એમને ઓળખવા કે સારવાર કરવામાં વિપક્ષોની બહુ જ ઉદાસ છે. કોંગ્રેસ પાસે ચૂંટણીનું ફંડ હોય છે પરંતુ લોકસેવાનું ફંડ નથી.*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૩/૦૪/૨૦૨૦, સોમવાર, ચૈત્ર વદ-૬
સૂર્યોદય-૬-૩૦, સૂર્યાસ્ત-૭-૦૬, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૩૦થી અમૃત-૮-૦૪ સુધી, ૯-૩૯થી શુભ-૧૧-૧૩ સુધી, ૧૪-૨૨ થી ચલ-લાભ-અમૃત-૧૯-૦૫ સુધી<br>- શુભ હોરા-<br>૬-૩૦ થી ૭-૩૩ સુધી, ૮-૩૬ થી ૯-૩૯ સુધી, ૧૧-૪૪ થી ૧૪-૫૩ સુધી, ૧૫-૫૬ થી ૧૬-૫૯ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૩-૦૪-૨૦૨૦ સોમવાર(જી.એન.એસ)

**મેષ (અ.લ.ઈ.) :-** નવી યોજનામાં કોઇ ઉતાવળ ન કરવી વિદેશથી લાભ રહે દિવસ કાર્યભાર વાળો રહે. મિત્રોથી સહકાર મલે.

**વૃષભ (બ.વ.ઉ.) :-** કારણ વગરના વિચારોને ટાળાવની કોશીષ કરો. આત્મવિશ્વાસ વધારો અધિકારી વર્ગનો સાથે મલવાનો.

**મિથુન (ક.છ.ઘ.) :-** કુટુંબના પ્રશ્નોનું નિરાકરણ આવે ઉત્સાહ વધે વિદેશ જવાની તક માટે ઉત્તર દિવસ રહેશે. આશાવાદ ફળે.

**કર્ક (ડ.હ.) :-** આંતરિક જીવનમાં ગેર સમજોથી દૂર રહેજો. તમારા કર્તવ્યને વળગી રહો નોકરીમાં સ્થિરતા રાખવી.

**સિંહ (મ.ટ.) :-** આવક વધારવાના પ્રયત્નો ફળવાના રાજકીય લાભ રહે. ધાર્મિક સંસ્થામાં ઉચ્ચો હોદ્દો મલે પ્રવાસ થાય.

**કન્યા (પ.ઠ.ણ.) :-** સંગીત કલાક્ષેત્રે સફળતા મલે નોકરીમાં નવી ઓફર આવે વિદેશથી નાણાકીય લાભ પણ મલે.

**તુલા (ર.ત.) :-** ગૃહજીવનમાં કોઇ સમસ્યાઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો. પ્રેકટીકલ બનવાની સલાહ છે.

**વૃશ્ચિક (ન.ય.) :-** અનુકુળતા વધવાની ભાઇ-બહેનો સાથે પ્રવાસનું આયોજા થાય મિલ્કતના પ્રશ્નોથી લાભ રહેવાનો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** મેળવેલી તક ન ગુમાવો તેનું ધ્યાન રાખશો સરકારી કાર્યોમાં સફળતા વાળો સમય રહેવાનો.

**મકર (ખ.જ.) :-** દાંયત્નયજીવનમાં સુમેળ વધવાનો છે કોઇ નવી યોજનામાં સફળતા મળવાની ભાઇઓની લાભ રહેવાનો.

**કુંભ (ગ.શ.સ.) :-** વિરોધીઓથી જાળવજો તમારા કાર્યમાં ચીવટ રાખજો બપોર પછીનો સમય વધુ લાભદાયક રહે.

**મીન (દ.ચ.ઝ.) :-** માનસિક ટેન્શન રહેવાનું ખર્ચ ઉપર કાબુ રાખજો યાત્રા પ્રવાસનું આયોજન સમજીને કરવું.

# ઉત્તર પ્રદેશમાં જમાતીઓ પર એક્શન, ક્વોરેન્ટાઇન ખત્મ થતા ૧૭ને જેલમાં મોકલાયા

લખનૌ,તા.૧૨

દેશનાં કોરોના વાયરસનો કહેર વધતો જઇ રહ્યો છે, ત્યારે દેશમાં તબલીગી જમાતના કેટલાય લોકો કોરોના પોઝિટીવ સામે આવ્યા છે, ત્યારે આ જ તબલીગી જમાતના લોકો પર એકશન પણ લેવામાં આવી રહ્યું છે, ઉત્તરપ્રદેશમાં વિદેશી તબલીગી જમાતિયાના પાસપોર્ટ અને વિઝા નિયમોનું ઉલ્લંઘનને અનુસરીને તેમને દોષી માનીને તે તમામને જેલ ભેગા કરવામાં આવ્યા છે.

યૂપીમાં તબલીગી જમાતના લોકો પર આ કાર્યવાહી કરાઇ છે, બહરાઇચમાં ક્વોરન્ટીન પુરુ થતાં જ ઇન્ડોનેશિયા અને થાઇલેન્ડના મૂળ ૧૭ વિદેશી જમાતીયોને જેલ ભેગા કરાયા છે. ક્વોરન્ટીનનો સમય પૂર્ણ થતાં જ આ ૧૭ વિદેશીયો સહિત ૨૧ તબલીગી જમાતિયોને મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરાયા અને આ તમામ પર બહરાઇચ નગર કોતાવલીમાં ધારા ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૧૮૮, મહામારી અધિનિયમની પણ ધારા સહિત અનેક કલમો લગાવવામા આવી છે.

# નેધરલેન્ડમાં દુનિયાના સૌથી વૃદ્ધ ૧૦૭ વર્ષના મહિલાએ કોરોના સામેની જંગ જીતી



એમ્સસ્ટર્ડમ,તા.૧૨

કોરોના વાયરસને માત આપીને ઘરે પરત ફરેલા ૧૦૭ વર્ષીય કોરનેલિયા રાસ હવે એકદમ સ્વસ્થ્ય થઈ ગયા છે. તેઓ હવે એકદમ સરળતાથી પોતાના ઘરમાં ફરી પણ શકે છે. તેઓ ઘૂંટણીએ બેસીને ભગવાનનો આભાર પણ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. નેધરલેન્ડની કોરનેલિયાને કોરોના વાયરસનું સંક્રમણ પોતાના જ દેશમાં એક દ્વીપના પ્રવાસ દરમિયાન લાગી ગયું હતું. ટૂરિસ્ટના આ ગ્રુપમાં ૪૦ લોકોનો સમાવેશ થયો હતો. જેમાંથી ૧૨ લોકો તો કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. પરંતુ કોરનેલિયાએ કોરોના સામેની આ જંગમાં હાર નહીં માનતા કોરોનાને પછાડાટ આપી દીધી હતી.

કોરનેલિયામાં જ્યારે આ લક્ષણો જોવા માળ્યા ત્યારે તેઓ ચર્ચમાં પ્રાર્થના કરીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની સારવાર કરી રહેલા ડોક્ટર્સના જણાવ્યા અનુસાર કોરનેલિયાની સારવાર સફળ રહી છે. તેમની ભત્રીજીએ જણાવ્યું કે અમે લોકોએ તો આશા જ છોડી દીધી હતી કે તેઓ વાયરસ સામેની જંગ જીતી શકશે. તેમણે પોતાની જાતને સંપૂર્ણ રીતે ડોક્ટર્સને સોંપી દીધી હતી. હવે તેઓ સ્વસ્થ્ય છે. હવે તેઓ એક પણ દવા નથી લેતા.

### ભારતમાં અમેરિકા કરતાં વધારે લોકો હોસ્પિટલથી ઘરે પાછા ફર્યા

# કોરોના મહામારીઃ ભારતમાં રિકવરી દર ૧૦ ટકા અને અમેરિકામાં ૫ ટકા

ન્યુ દિલ્હી/ વોશિંગ્ટન,તા.૧૨

ભારતમાં કોરોના વાઈરસના પરીક્ષણની શરૂઆતથી જ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે અહીં કોરોના ટેસ્ટિંગ ઓછું થઈ રહ્યુ છે. જો કે, કડક લોકડાઉન થવાને કારણે પરિસ્થિતિ વધુ બગડી નથી. આપણે હાલની પરિસ્થિતિ વિશે વાત કરીએ તો ભારતની સ્થિતિ અન્ય દેશો કરતા ઘણી સારી છે. ભારતમાં ૩૦ જાન્યુઆરીએ કેરાલામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો.

કોરોનાના પ્રથમ ત્રણ કેસ ત્યાં નોંધાયા હતા. ભારતમાં પ્રથમ કોરોના સંક્રમિત દર્દીનું મૃત્યુ થયું ત્યાં સુધીમાં વિશ્વના અન્ય શહેરોમાં કોરોના વાઈરસે તેની તેજ ગતિથી કેટલાયને સંક્રમિત કરી દીધા હતા. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૧૦૩૫ નવા કેસ નોંધાયા છે અને આ ખતરનાક વાયરસને કારણે એક જ દિવસમાં ૪૦ લોકોનાં મોત નીપજયાં છે. ભારતમાં આ એક દિવસમાં સૌથી વધુ સંક્રમણ છે. પરંતુ એ પણ રાહતની વાત છે કે અમેરિકા જેવા દેશની સરખામણીએ ભારતમાં કોરોનાથી સાજા થવાની સંખ્યા વધુ છે.વર્લ્ડ મીટર્સના જણાવ્યા મુજબ, ભારતમાં ૧૦ એપ્રિલ સુધી કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૭,૬૦૦ હતી (આરોગ્ય મંત્રાલય અનુસાર ૬,૪૧૨) જેમાં ૭૭૪ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, જ્યારે ૨૪૯ લોકોનાં મોત નીપજયાં છે. અન્યની હાલમાં સારવાર ચાલી રહી છે. આવી સ્થિતિમાં દેશની હોસ્પિટલમાં રિકવરી થનારાઓ એટલે કે કોરોનાને હરાવી સાજા થનારાની ટકાવારી ૧૦.૧ ટકા એટલે કે દર ૧૦૦ કોરોના સંક્રમિત લોકોમાંથી ૧૦ લોકો સ્વસ્થ થઈને પોતાના ઘરે પાછા ફરીરહ્યા છે. કેટલાક લોકો મરી રહ્યા છે અને અન્ય લોકોની સારવાર કરવામાં આવી રહી છે.અમેરિકા વિશે વાત કરીએ તો, ૧૦ એપ્રિલ સુધીમાં, યુ.એસ. માં કોરોના સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૫૦૨,૮૭૬ હતી, જેમાંથી ૨૭,૩૧૪ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને ૧૮,૭૪૭ લોકો મૃત્યુ પામ્યા હતા. એટલે યુ.એસ.માં સરેરાશ દર્દીઓની રિકવરીનો દર ૫.૪ ટકા છે, જે ભારત કરતા પાંચ ટકા ઓછો છે, એટલે કે અમેરિકાના ૧૦૦ લોકોમાંથી પાંચ લોકો સ્વસ્થ થઈ રહ્યા છે. જ્યારે ભારતમાં ૧૦ ટકા છે. આરોગ્ય મંત્રાલયના અહેવાલ મુજબ, ભારતમાં ૧૦ એપ્રિલના રોજ સાંજે ૬.૩૦ વાગ્યા સુધીમાં, ૬,૪૧૨ લોકો સંક્રમિત થયા અને કુલ ૧૯૯ મૃત્યુ થયા હતા. જે મુજબ ભારતમાં કોરોના સંક્રમિતોથી હાલમાં મૃત્યુદર ૦.૦૦૦૩ ટકા છે, જયારે યુ.એસ.માં તે ૩.૭ ટકા છે. યુ.એસ.માં દર ૧૦૦ દર્દીઓમાંથી, ત્રણ લોકો મૃત્યુ પામી રહ્યા છે. ઈટાલીમાં મૃત્યુ દર ૧૨ ટકાથી વધુ છે. ૧૦ મી એપ્રિલ સુધીમાં ઈટાલીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪૭,૫૭૭ હતી, જેમાં ૧૮,૮૪૯ લોકો મૃત્યુ પામ્યા છે.

# કોરોના સંકટઃ ઈટલીમાં લોકડાઉન ૩મે સુધી લંબાવાયુ

રોમ,તા.૧૨

ઈટલીમાં કોરોના વાઈરસે ત્રાસ ફેલાવી દીધો છે. દરરોજ મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. ઈટલીમાં કોરોનાથી મૃત્યુઆંક વધીને ૧૯,૪૬૮ પર પહોંચી ગયો છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશ તરીકે ઓળખાતા અમેરિકામાં પણ કોરોના વાઈરસનો પ્રકોપ વધી રહ્યો છે. લોકડાઉન પછી પણ, કોવિડ -૧૯ દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે, જ્યારે મૃત્યુનાં આંકડા પણ ભયજનક છે.૩ મે સુધી ઈટલીએ લોકડાઉનને વધારે કડક કરી દીધુ છે. ઈટલીમાં કોરોનાથી મરનારા લોકોની સંખ્યા વધીને ૧૯,૬૪૮ થઈ ગઈ છે. આ આંકડા દુનિયાભરમાં સૌથી વધારે છે.

# મુંબઈની તાજ હોટલના ૬ કર્મચારીઓ કોરોના પોઝિટિવઃ રાજ્યને ત્રણ ઝોનમાં વહેંચવામાં આવ્યુ

મુંબઇ,તા.૧૨

કોરોના સંક્રમણને કારણે દેશમાં સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય મહારાષ્ટ્રમાં લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે લોકડાઉન પાર્ટ -૨ હવે વધુ કડક બનશે. સંક્રમણ સાંકળ તોડવા માટે રાજ્યને ત્રણ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે. દરમિયાન, દક્ષિણ મુંબઈની હોટલ તાજ મહલ પેલેસના ઓછામાં ઓછા છ કર્મચારીઓને કોરોનાનો ચેપ લાગ્યો છે. તાજ હોટલનું સંચાલન કરતી ભારતીય હોટલ કંપનીએ કર્મચારીઓમાં સંક્રમણની પુષ્ટિ કરી છે. જો કે, તેમણે સંખ્યા સ્પષ્ટ કરી નથી. શહેરમાં કોરોના સંક્રમણ સામે લડી રહેલા આરોગ્ય કર્મચારીઓ અને ડોકટરોને હોટલમાં રાખવામાં આવ્યા છે. તેમણે પોતાના ૫૦૦ કર્મચારીઓની તપાસ કરાવી છે. જેમાંથી શનિવારે



સ્ટાફના ૬ જણાને સંક્રમણ થયું હોવાની વાત સામે આવી હતી.

સંક્રમણનો સામનો કરવા રાજ્ય સરકારે રેડ ઝોનમાં ૧૫થી વધુ દર્દીઓવાળા જિલ્લાઓને રાખ્યા છે. આનાથી ઓછા લોકો ઓરેન્જ ઝોનમાં મૂકવામાં આવે છે અને જ્યાં એક પણ દર્દી નથી તેને ગ્રીન ઝોનમાં રાખવામાં આવે છે. માનવામાં આવે છે કે આના આધારે આગામી લોકડાઉન માટે એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે.

રેડ ઝોનઃ મુંબઈ, થાણે, પાલઘર, પુણે, નાગપુર, રાયગઢ, સાંગલી અને ઔરંગાબાદ.

ઓરેંજ ઝોનઃ રત્નાગીરી, સિંધુદુર્ગ, સાતારા, કોલ્હાપુર, નાસિક, અહેમદનગર, જલગાંવ, ઉસ્માનબાદ, બીડ, જલ્ના, હિંગોલી, લાતુર, અમરાવતી, અકોલા, યાવતમાલ, બુલધન, વશીમ અને ગોંદિયા.

ગ્રીન ઝોનઃ ધુલે, નંદુરબાર, સોલાપુર, પરભની, નાંદેડ, વર્ધા, ચંદ્રપુર, ભંડારા અને ગઢચિરૌલી.

### પાકિસ્તાનમાં મંગળવારે લોકડાઉન સમાપ્ત થઈ જશે

# કોરોના વાયરસઃ પાકિસ્તાનના સિંધમાં ૧૦૦માંથી ૨૦ ટેસ્ટ પોઝિટિવ આવ્યા

*ઈસ્લામાબાદ,તા.૧૨*

પાકિસ્તાનમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યા છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં એક દિવસમાં ટેસ્ટ કરવામાં આવેલા કેસમાં ૨૦ ટકા પોઝિટિવ આવ્યા છે. ટેસ્ટના પરિણામે વડાપ્રધાન ઈમરાન ખાન અને સિંધના મુખ્યમંત્રી સૈયદ મુરાદ અલી શાહની ચિંતા વધારી દીધી છે. પાકિસ્તાનમાં વીતેલા ૨૪ કલાકમાં ૨૫૪ લોકોમાં કોરોના વાયરસની પુષ્ટિ થઈ છે. અને મૃત્યુંઆક ૮૬ પર પહોંચી ગયો છે. ત્યાં લોકડાઉન બાદ પણ કેસોની સંખ્યા સતત વધી રહી છે.

પાકિસ્તાનમાં અત્યાર સુધી ૫,૦૩૮ લોકોમાં કોરોના વાયરસની પુષ્ટિ થઈ છે અને ૮૬ લોકોના મોત થયા છે. ૨૪ કલાક દરમિયાન કોરોના વાયરસના ૨૫૪ કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, અત્યાર સુધી સિંધમાં ૧૩૧૮, ખૈબર પખ્તૂનખ્વામાં ૬૯૭, બ્લૂતચિસ્તાનમાં ૨૨૮, ગિલગિટ-બાલ્ટીસ્તાનમાં ૨૧૬, ઈસ્લામાબાદમાં ૧૧૯ અને પીઓકેમાં ૩૫ કેસની પુષ્ટિ થઈ છે.

અધિકારીઓએ જણાવ્યું છે કે, દેશમાં લોકાડઉન મંગળવારે સમાપ્ત થઈ જશે અને તેની મર્યાદા વધારવા મામલે સોમવારે નિર્ણય લેવામાં આવશે. સ્વાસ્થ્ય મામલાના સલાહકાર જફર મિર્ઝાએ જણાવ્યું કે, જો લોકડાઉન હટાવવામાં આવશે તો દેશમાં પોઝિટિવ કેસની સંખ્યામાં વધારો થઈ શકે છે. ઈમરાન ખાને સોશિયલ ડિસ્ટન્સિંગ ફોલો કરવા માટે સેના પણ તેહનાત કરી દીધી છે. પરંતુ લોકો જુમ્માની નમાઝ પઢવા માટે લોકો રોડ પર ભેગા થઈ રહ્યા છે જેને કારણે સરકારની ચિંતા વધી રહી છે.

### લોકડાઉન વધારવામાં આવશે તો

# કેન્દ્ર સલામત જિલ્લાઓમાં હાઈવે નિર્માણની મંજૂરી આપે તેવી શક્યતાં

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં કોરોના વાયરસના પ્રચાર પ્રસારને અટકાવવા માટે સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે તેમજ ૧૪ એપ્રિલે તેની પુરી થતી મુદતને લંબાવવા અંગે પણ ચર્ચા થઈ રહી છે. આ સંજોગોમાં કેટલાક રાજયોની ભલામણ પર સુરક્ષિત જિલ્લાઓમાં બની રહેલાં હાઈવે નિર્માણનું કામ ચાલુ કરવા માટે કેન્દ્ર મંજૂરી આપે તેવી શકયતા છે. એક વરિષ્ઠ અધિકારીનાં જણાવ્યા અનુસાર અર્થતંત્ર માટે જરૂરી હોવાને કારણે કેન્દ્ર અમુક જિલ્લાઓમાં હાઈવે નિર્માણનાં બંધ પડેલ કામ ફરી ચાલુ કરવાની મંજૂરી આપી શકે છે.

એક જાણકાર વ્યક્તિનાં જણાવ્યા અનુસાર જે જિલ્લાઓ શહેરી કેન્દ્રથી દૂર અને કોરોના વાયરસનાં શૂન્ય કેસ છે તેમને લોકડાઉનમાંથી મુક્તિ આપી બાંધકામ ફરી ચાલુ કરાવવાની શકયતા છે. બીજી તરફ મહારાષ્ટ્ર સરકારે મુંબઈ-નાગપુરને જોડતાં એક્સપ્રેસ વે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગને બનાવવાની મંજૂરી આપી છે. આ એક્સપ્રેસ વે ૮ લેન અને ૭૧૦ કિલોમીટર લાંબો હશે.

એક અધિકારીના જણાવ્યા અનુસાર કેટલાક રાજયો અને જિલ્લાઓએ જયાં વસ્તીની ગીચતા ઓછી છે ત્યાં માર્ગ નિર્માણ કાર્ય શરૂ કરવાની મંજૂરી માંગી હતી. તેઓએ એમ પણ કહ્યું હતું કે પ્રોજેક્ટ શરૂ કરવા માટે સોશિયલ ડિસ્ટન્સિંગની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવશે. માનવામાં આવી રહ્યું છે કે આજે દેશવ્યાપી સંબોધનમાં નરેન્દ્ર મોદી લોકડાઉન વધારવાની જાહેરાત કરી શકે છે.

### કમલનાથનો મોદી સરકાર પર શાંબ્દિક હુમલો

# કેન્દ્ર સરકારે ભાજપ સરકાર બનાવવા માટે લોકડાઉનની જાહેરાતને વિલંબીત કરી હતી

*ભોપાલ,તા.૧૨*

કોરોના વાયરસનો કહેર ભારતભરમાં ચાલુ છે. મધ્યપ્રદેશમાં પણ કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે અને તે ૫૦૦ ની આંકડાને વટાવી ગયો છે. દરમિયાન મધ્યપ્રદેશમાં કોરોના પર રાજકારણે પણ જોર પકડ્યું છે. પૂર્વ રાજ્યનાં મુખ્યમંત્રી અને કોંગ્રેસનાં નેતા કમલનાથે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે, રાજ્યમાં કોંગ્રેસની સરકાર પાડવા માટે સંસદની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને કેન્દ્ર સરકારે ભાજપની સરકાર બનાવવા માટે લોકડાઉનની જાહેરાતને વિલંબિત કરી હતી.રવિવારે મધ્ય પ્રદેશ કોંગ્રેસનાં વડા કમલનાથે કહ્યુ કે, સંસદ માત્ર એટલા માટે ચલાવવામાં આવી જેથી મધ્યપ્રદેશ વિધાનસભાની કાર્યવાહી ચાલુ રહે અને કોંગ્રેસની સરકારને પાડી શકાય. શિવરાજસિંહની શપથ બાદ જ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે વધુમાં કહ્યુ કે, ભાજપ મધ્યપ્રદેશની જનતાને બેવકૂફ બનાવી રહ્યું છે, કારણ કે આટલા ગંભીર સંકટમાં પણ રાજ્યમાં ન કોઇ મંત્રામંડળ છે અને ન કોઇ સ્વાસ્થ્ય મંત્રી કે ગૃહ મંત્રી છે. કમલનાથે કહ્યું, ×મેં ૨૦ માર્ચે રાજીનામું આપ્યું હતું, પરંતુ લોકડાઉનની જાહેરાત ત્યારે થઇ જ્યારે ૨૩ માર્ચનાં રોજ શિવરાજસિંહ ચૌહાણે મુખ્યમંત્રી પદનાં શપથ લીધા.× તેમણે વધુમાં કહ્યુ કે, રાહુલ ગાંધીએ ફેબ્રુઆરીમાં જ કહ્યુ હતુ કે, કોરોના વાયરસનો રોગચાળો એક મોટી સમસ્યામાં ફેરવાશે, પરંતુ તે પછી પણ કંઇ કરવામાં આવ્યુ નથી. કોવિડ-૧૯ નાં ખતરાને ધ્યાનમાં રાખીને, ઘણા રાજ્યોની વિધાનસભાની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી હતી, પરંતુ અમારી સરકાર પડી ત્યાં સુધી સંસદ કાર્યરત રહ્યુ.

# સરકારે પીપીએફ,આરડી અને સુકન્યા સમૂદ્ધ યોજનામાં થાપણની અંતિમ ત્રણ મહિના વધારી

ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના વાયરસ સંકટને ધ્યાનમાં રાખીને સરકારે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ), રિકરિંગ ડિપોઝિટ (આરડી) અને સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતાધારકો માટે ઓછામાં ઓછી થાપણની અંતિમ મુદત ત્રણ મહિના માટે વધારી દીધી છે. નાણાં મંત્રાલયે શનિવારે ટ્વિટર પર આ માહિતી આપી. હવે પીપીએફ, આરડી અને સુકન્યા સમૃદ્ધિ ખાતામાં ૨૦૧૯-૨૦ ની ઓછામાં ઓછી થાપણો ૩૦ જૂન સુધી કરી શકાશે.

નાણાં મંત્રાલયે એક ટ્વિટમાં કહ્યું, "સરકારે કોરોના વાયરસ ચેપ નિવારણ માટે દેશમાં લાગુ લોકડાઉન (બંધ) ને ધ્યાનમાં રાખીને નાના બચત થાપણદારોના હિતોની બચાવવા માટે પીપીએફ, આરડી અને સુકન્યા સમૃદ્ધિ ખાતા ધારકોને જોગવાઈ કરી છે." હળવો થયો છે.આ ખાતાઓને સક્રિય રાખવા માટે, થાપણદારોએ દર વર્ષે નિશ્ચિત ન્યૂનતમ રકમ જમા કરવાની રહેશે. આવું ન થાય તે સ્થિતિમાં, થાપણદારો પાસેથી મોડેથી ફી લેવામાં આવે છે. થાપણદારો સામાન્ય રીતે નાણાકીય વર્ષના અંતે આ યોજનાઓ સબમિટ કરે છે કારણ કે તેમને આવકવેરા કાયદાની કલમ ૮૦ સી હેઠળ મુક્તિ આપવામાં આવે છે.

# સ્ટે હોમ.સ્ટે સેફ.

દસ દિવસ પૂરા, દસ દિવસ ઘર સાથેનો ઘરોબો વાર્તામાંથી વાસ્તવિકતા બની ગયો. દુનિયાનો છેડો ઘર એ માત્ર કહેવત અને નિબંધ ના શીર્ષક પૂરતું મર્યાદિત ન રહેતા *lockdown @Home* નો પર્યાય બની રહ્યું.

મિત્રો, વિશ્વભરના મહદંશે દેશો, કોરોનાની માઠી અસર હેઠળ છે. વિજ્ઞાનની ફલશ્રુતિ રૂપે આપણે એકવીસમી સદી માણી રહ્યા હતા, પણ રંગના છાંટણા હોય કૂંડાં ન હોય એ ન્યાયે અતિરેકથી નજીવા પૈસાની દોડમાં આપણે મનુષ્યો ભૂલી જ ગયા હતા કે દિવસભરની દોડધામ પછી જે સ્થળે રાતવાસો કરીએ છીએ તેને ઘર કહેવાય. ઘર એટલે જ્યાં પ્રવેશ કરતાં જ શાંતિ, હુંફ, હાશકારાનો અહેસાસ થાય તે સ્થળ એટલે ઘર. ઘર પાસે અખૂટ ખજાનો છે, તે માણવાથી આપણે સૌ વંચિત રહી ગયા હતા. કોરોના વાયરસ ના સંક્રમણના ખતરા માંથી બચવા ફરજિયાત ઘરમાં રહેવાનું થયું. અને વિચાર યાત્રા માત્ર ભૌતિક યાત્રાના વમળમાંથી બહાર આવી. ઘર પાસે કલરવ છે, આરામ છે, હાસ્ય છે, રુદન છે, શ્વાસ છે, વિશ્વાસ છે. ઘરમાં દવા છે અને દુઆ પણ છે. ઘાવ ને સાજા કરવા નો મલમ પણ છે. અને થાક ઉતારવાનું કાયમી સરનામું પણ છે.

પુરુષ એ ઘર ની છાતી છે અને સ્ત્રી એ છાતીમાં ધબકતું હૃદય. (મારી વાંચનયાત્રા માંથી મેળવેલ વિધાન) ઘરમાં સ્ત્રી છે એટલે ઘરને હૃદય છે. બાળકો અને વડીલ એક ઘર રૂપી બગીચાના વડલા અને વડવાઈ છે. ઘર એટલે માત્ર ઈંટ, માટી, સિમેન્ટ, સળિયા નું માળખું નહીં... ગજાર, પરસાળ, ઓસરી, થાંભલી નું માળખું નહીં... ડ્રોઈંગ રૂમ, લિવિંગ રૂમ, બેડરૂમ, ડાઈનિંગ રૂમ, કિચન નહીં... પણ ઘર એટલે શાંતિ, સંતોષ, સ્વાર્પણની સરવાણી વહેવડાવનાર પર્વતનું શિખર !! આ અસ્ખલિત સરવાણી પૃથ્વીના પડને પવિત્ર બનાવે છે.

આપણું જીવન ઝડપી થઈ ગયું છે અને જિંદગી ધીમી...

નવાઈની વાત તો એ છે કે આપણે

શાંતિ અને આરામ થી જીવવા માટે સગવડ યુક્ત ઘર બનાવીએ છીએ. અને પરિણામ એ આવે છે કે સગવડ ઊભી કરવામાં જ આખું જીવન પૂરું થઈ જાય છે !!!!!

એટલું બધું દોડીએ છીએ કે છેલ્લા શ્વાસ પણ કદાચ ઘરમાં નથી છોડી શકતા. ચાલો આપણે એ ભૂલ ન કરીએ જેવું હોય એવું ઘરમાં જીવી લઈએ. ઈશ્વરનો આભાર માનવો રહ્યો કે એની કૃપાથી કાંઈ નહિ તો એ કહી શકાય એવું સરનામું તો છે આપણી પાસે !!!!! બાકી તો આકાશ જેનું ઓઢણ, અને પૃથ્વી ની પથારી એવી રીતે જીવનની પ્રત્યેક ક્ષણ વિતાવવા મજબૂર બનતા ફૂટપાથવાસીઓ, રેલવે ટ્રેકની પડોશમાં રહેતા લોકો, કે રસ્તાની એક બાજુએ રહેતા લોકોને જોઈએ ત્યારે હૃદય દ્રવી ઊઠે છે. જીવન કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, ઘરમંદિરમાં કેવું જીવ્યા તે મહત્ત્વનું છે !!! તો ચાલો ઉજવી લઈએ, આપણા અસ્તિત્વ ને ઓળખતા સરનામાં ને...

અને હા, એ હકીકતને નહીં ભુલાય નહીં ભૂલી શકાય કે આ ઘરવાસ દરમ્યાન ઘરની જ ચાર દીવાલ વચ્ચે રહીને ઘરના અબાલ-વૃદ્ધ સૌની સોળે કળાઓ ખીલી ઉઠી છે. ક્યાંક પીંછીના લસરકા, તો ક્યાંક કડછી ચમચી ની વાતો, ક્યાંક હાસ્યની છોળો, તો ક્યાંક શીઘ્ર કવિ- કવિયત્રી ના છલકાતા જામ !!!! અને હા, સોશિયલ મીડિયા પર છવાયેલી ચેલેન્જ તો ખરી જ. સૌને ઘર ઉજવણી મુબારક...

કેતકી અભિલાષ ઘોડા....

# વૈશ્વિક ક્રૂડ ઓઈલની ઘટેલી કિંમતોનો લાભ ભારતને મળશે ખરા...!?

ન્યુ દિલ્હી,તા.૧૨

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઘટાડાનો લાભ ઉઠાવવા માટે ભારત પોતાના ભૂગર્ભ ફંડાર ભરવાની તૈયારી કરી રહ્યું છે. ભારતે એની ઈમર્જન્સી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૫૩.૩ લાખ ટન ભંડાર તૈયાર કર્યો છે. કર્ણાટકના મેગલુરુ અને પાડુર તથા આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં બનેલા આ અનામત ભંડારથી ઈમર્જન્સી સ્થિતિમાં ૧૦ દિવસ સુધી જરૂરિયાતોને પૂરી કરી શકાય છે. આ અનામત ભંડારનો ભરવા માટે ભારતે સાઉદી અરેબિયા અને યુએઈથી આયાતમાં વધારો કર્યો છે.

આ મામલા સાથે જોડાયેલાં સૂત્રોએ કહ્યું હતું કે મેંગલુરુ અને પાડુરના અનામત ભંડાર અડધા ખાલી છે, જયારે વિશાખાપટ્ટનમવાળા અનામતમાં પણ થોડી જગ્યા ખાલી છે. જેથી સાઉદી અરેબિયા, યુએઈ અને ઈરાકથી ઓઈલ ખરીદીને એમને ભરવામાં આવશે. કોરોના કકારણે ઊભી થયેલી સ્થિતિને લીધે ઓઈલની માગ ઓછી હોવાને કારણે અને ઓપેક તેલ ઉત્પાદક દેશો દ્વારા ઉત્પાદન કાપ મૂકવામાં ના આવતાં જાન્યુઆરીથી અત્યાર સુધી ઓઈલની કિંમતોમાં ૬૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચૂક્યો છે.

હાલના સમયે ક્રૂડ ઓઈલની કિંમતો ૩૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. પેટ્રોલિયમપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને પાછલા દિવસોમાં સાઉદી અરેબિયા અને યુએઈમાં તેમના સમકક્ષ નેતાઓ સાથે વાતચીત કરીને ક્રૂડ ભંડાર વધારવા પર ચર્ચા કરી હતી.ભારતે અનામત અને કિંમતોમાં મોટા ફેરફારની સ્થિતિમાંથી બચવા માટે સુરક્ષિત રહેવા માટે ભૂગર્ભ સ્ટોરેજ તૈયાર કર્યો છે. ભારતે વિદેશી કંપનીઓને પણ આ શરતોએ ક્રૂડ ઓઈલ રાખવા માટે મંજૂરી આપી છે, કે કોઈ પણ ઈમર્જન્સી સ્થિતિમાં ભારત એ ક્રૂડ ઓઈલનો ઉપયોગ કરી શકશે. આ શરતે અભુ ધાબી નેશનલ ઓઈલ કંપની (એડનોક)એ મેંગલોરના સ્ટોરેજમાં ૧૫ લાખ ટનની જગ્યા ભાડે લીધી છે.

# ડૉક્ટરોને સમયસર પીપીઈ પહોંચાડી ન શકતાં બ્રિટનની ગૃહ મંત્રી પ્રીતિ પટેલે દેશની માફી માંગી

લંડન,તા.૧૨

બ્રિટનમાં કોરોના સંક્રમણના કેસ દરરોજ ઝડપથી વધી રહ્યા છે એવામાં ડૉક્ટરો અને અન્ય મેડિકલ સ્ટાફને પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ યોગ્ય સમયે અને પૂરતી માત્રામાં ઉપલબ્ધ ન કરાવી શકવાના કારણે ગૃહ મંત્રી પ્રીતિ પટેલએ માફી માંગી છે. પ્રીતિ પટેલે શનિવારે કહ્યું કે જો ફ્રન્ટલાઈન પર ઊભેલા મેડિકલ સ્ટાફને એવું લાગી રહ્યું છે કે તેમની પાસે પર્યાપ્ત પીપીઈ નથી તો હું તેના માટે શરમ અનુભવું છું.

બ્રિટનમાં ડૉક્ટરો, નર્સ અને અન્ય મેડિકલ સ્ટાફ સતત એ વાતની ફરિયાદ કરી રહ્યો છે કે તેઓ કોરોના દર્દીઓની સારવાર કરી રહ્યા છે પરંતુ તેમની પાસે પીપીઈ સૂટ, માસ્ક અને મોજાની ભારે અછત છે. શનિવારે એક પત્રકારે જ્યારે પ્રીતિ પટેલને પૂછ્યું કે શું મેડિકલ સ્ટાફ જે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે તેના માટે માફી માંગો છો તો તેઓએ કહ્યું કે, હું માફી માંગું છું જો લોકોને લાગે છે કે હું નિષ્ફળ રહી છું. પ્રીતિએ વધુમાં કહ્યું કે, તેનાથી બચી ન શકાય, પીપીઈ સૂટની ડિમાન્ડ અને તેને મેળવવા માટે દરેક તરફથી દબાણ છે, ભવિષ્યમાં તે વધવાનું છે.

બ્રિટનની ગૃહ મંત્રી પ્રીતિ પટેલે શનિવારે લોકોને સામાજિક અંતર રાખવાના નિર્ણયનું કડકાઈથી પાલન કરવું જોઈએ. ભારતીય મૂળની વરિષ્ઠ કેબિનેટ મંત્રીએ દૈનિક બ્રીફીંગમાં જણાવ્યું કે, વસ્તીનો મોટો હિસ્સો સરકારના ઘરમાં રહેવાના દિશા-નિર્દેશોનું પાલન કરી રહ્યો છે. પરંતુ થોડી સંખ્યામાં એવી પણ વસ્તી છે જેને આ વાત ખબર હોવી જોઈએ કે પોલીસ દળને લૉકડાઉનના ઉપાયોને લાગુ કરવાની શક્તિ છે.

### કોરોના સંકટ વચ્ચે ભારત માટે માઠા સમાચાર

# ૨૦૨૦-૨૧માં ભારતનો જીડીપી દર ઘટીને માત્ર ૨.૮ ટકા રહેશેઃ વિશ્વ બેંક

ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના વાયરસના કહેર વચ્ચે દુનિયાની ઈકોનોમીની હાલત ખરાબ છે. વિશ્વ બેંકે કહ્યુ છે કે, ભારતના અર્થતંત્રને કોરોના વાયરસની મહામારીથી બહુ મોટો ફટકો વાગ્યો છે. જેનાથી દેશના ગ્રોથ રેટમાં બહુ મોટો ઘટાડો થશે.

વિશ્વ બેંકે પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે, ૨૦૧૯-૨૦માં ભારતનો ગ્રોથ રેટ પાંચેક ટકા રહેશે. જ્યારે ૨૦૨૦-૨૧માં તેમાં ભારે ઘટાડો આવશે અને ગ્રોથ રેટ ઘટીને ૨.૮ ટકા જ રહી જશે.

રિપોર્ટમાં કહેવાયુ છે કે, આ ઝાટકો એવા સમયે વાગ્યો છે જ્યારે ભારતની ઈકોનોમી પહેલેથી જ સુસ્ત પડી હતી. તેમાં પણ હવે લોકડાઉન લાગુ કરાયુ છે. જેનાથી સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે.

માત્ર ભારત જ નહી પણ વૈશ્વિસ સ્તરે પણ કોરોનાની અસરના કારણે ઘરેલુ રોકાણ પર પણ અસર કરશે.વિશ્વ બેંકના કહેવા પ્રમાણે ૨૦૨૧-૨૨માં કોરોનાનો પ્રભાવ સમાપ્ત થશે તો ભારતની ઈકોનોમી પાંચ ટકાનો ગ્રોથ રેટ હાંસિલ કરી શકશે. તેમાં પણ સરકારે નાણાકીય મદદ કરવી પડશે. ભારતનો લૂકઆઉટ સારો નથી દેખાઈ રહ્યો. જો લોકડાઉન લાંબુ ચાલ્યુ તો આર્થિક પરિણામ વિશ્વ બેંકના અનુમાન કરતા પણ વધારે ખરાબ આવશે.વિશ્વ બેંકના મુખ્ય ઈકોનોમિસ્ટ હૈસ ટિમરના મતે ભારતે પહેલા તો કોરોનાને ફેલાતો અટકાવવો પડશે. ખાસ કરીને સ્થાનિક સ્તરે રોજગારી મળે તેવા કાર્યક્રમો શરુ કરવા પડશે.

## 577ના મોત, ટ્રમ્પે રાષ્ટ્રીય ઈમર્જન્સીની જાહેરાત કરી; 55 દેશમાં 22 હજાર સ્વાસ્થ્ય કર્મચારી સંક્રમિત




અમેરિકાના નૌસૈનિક દર્દીને હોસ્પિટલ લઈ જવાની તૈયારી કરી રહ્યા છે. વોર શીપમાં 4800 ક્રૂમાંથી 10 ટકાથી વધારે સભ્યો પોઝિટિવ છે.

## 40થી વધારે ભારતીયના મોત, 1500થી વધારે સંક્રમિત; સિંગાપુરમાં 51 ભારતીય પોઝિટિવ



ન્યૂ યોર્ક અમેરિકાનુ એપિસેન્ટર બની ગયુ છે. ગવર્નર એન્ડ્રુ ક્યુમોએ એપ્રિલના અંત ભાગ સુધી લોકડાઉન લંબાવ્યુ છે. બ્રૂકલિનમાં દર્દીને હોસ્પિટલ લઈ જતા તબી...



બેંગલુરુ ઓબેરોય હોટેલ માંથી રોજ હજારો ફૂડ પેકેટ બનાવીને ગરીબોને વહેચવામાં આવે છે.

### સંકટ / કોરોના પર કામ કરી રહેલા

# મુખ્ય વૈજ્ઞાનિકે આપ્યા નિરાશાજનક સમાચાર, આશા રાખીએ એવું ન થાય

જેન હાલ્ટન કોરોના વેક્સીનની શોધ માટે કામ કરી રહેલી આંતરરાષ્ટ્રીય ટીમ (Coalition Fro Epidemic Preparedness Innovations)નું નેતૃત્વ કરી રહી છે.આ ટીમને બિલ ગેટ્સ તરફથી ફંડ મળ્યું છે. જેન ઓસ્ટ્રેલિયાની સૌથી અનુભવી મહામારી એક્સપર્ટ તરીકે પણ ઓળખાય છે. જેન હાલ્ટને કહ્યું કે કદાચ કોરોનાની વેક્સિન પણ ક્યારેય ના મળી શકે



એચઆઈવીથી દર વર્ષે સરેરાશ ૮ લાખ લોકો મરે છે. છેલ્લા ૪૦ વર્ષથી અત્યાર સુધી એચઆઈવીની કોઈ વેક્સીન મળી શકી નથી. આ વાતનો ઉલ્લેખ કરતાં કોરોના વાયરસની વેક્સીન શોધી રહેલી ટીમનું નેતૃત્વ કરી રહેલી પ્રમુખ સાયન્ટિસ્ટટ જેન હાલ્ટને કહ્યું કે કદાચ કોરોનાની વેક્સિન પણ ક્યારેય ના મળી શકે, એમને કહ્યું- 'વિજ્ઞાનમાં કશું જ નિશ્ચિત નથી.'

જેન હાલ્ટન કોરોના વેક્સીનની શોધ માટે કામ કરી રહેલી આંતરરાષ્ટ્રીય ટીમ (Coalition Fro Eકોરોના વિરુદ્ધ તમામ દેશ માત્ર વેક્સીનની આશામાં બેસી ના રહે pidemic Preparedness Innovations)નું નેતૃત્વ કરી રહી છે.આ ટીમને બિલ ગેટ્સ તરફથી ફંડ મળ્યું છે. જેન ઓસ્ટ્રેલિયાની સૌથી અનુભવી મહામારી એક્સપર્ટ તરીકે પણ ઓળખાય છે.

જેન હાલ્ટને આવી ચેતવણી એટલા માટે આપી કારણ કે , તેમજ કોરોનાનો નાશ કરવા પ્લાન ₹ પર પણ કામ કરવામાં આવે. દુનિયાભરમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે. ૧૭ લાખથી વધારે લોકો સંક્રમિત થઇ ચુક્યા છે. એક લાખથી વધારે લોકોએ જીવ ગુમાવ્યા છે. જો કે ઘણા દેશામાં કોરોના વેક્સીન શોધવા ટ્રાયલ કરવામાં આવી રહ્યા છે. જો કે બીજી બાજુ દુનિયાના ઘણા હેલ્થ એક્સપર્ટ એવી આશા વ્યક્ત કરી રહ્યા છે કે ૨૦૨૧ સુધી કોરોના વેક્સીન તૈયાર કરવામાં દુનિયાને સફળતા મળી શકે છે. પરંતુ જેન હાલ્ટન કહે છે કે આટલા ઓછા સમયમાં કોરોનાની વેક્સીન તૈયાર કરવી અવિશ્વસનીય છે. એમને કહ્યું છે કે અવાસ્તવિક આશાઓ આપવામાં આવી રહી છે. તો બીજી બાજુ એચઆઇવીથી માત્ર ૨૦૦૮માં દુનિયામાં ૭.૭ લખ લોકોના મોત થયા છે. છેલ્લા ૪૦ વર્ષમાં ૩ કરોડ ૨૦ લાખ લોકો એચઆઇવીથી જીવ ગુમાવી ચુક્યા છે. પરંતુ વૈજ્ઞાનિકોને આજ સુધી વેક્સીન મળી નથી.

અમેરિકા, ચીન સહિત ઘણા દેશોમાં કોરોના વેક્સીનના ટ્રાયવ માણસો પર શરૂ થઇ રહ્યા છે.

# બાંગ્લાદેશમાં શેખ મુજીબુર્રહમાનના હત્યારા અબ્દુલ મજીદને ફાંસી અપાઈ

ઢાકા,તા.૧૨

બાંગ્લાદેશમાં ૧૯૭૫ના તખ્તાપલટામાં સામેલ થવાના મામલામાં સેનાના એક પૂર્વ કેપ્ટન અબ્દુલ મજીદને ફાંસી આપવામાં આવી છે. મળતી માહિતી મજબ, આ તખ્તાપલટા દરમિયાન જ બાંગ્લાદેશના સંસ્થાપક બંગબંધુ શેખ મુજીબુર્રહમાનની હત્યા કરી દેવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ મુજબ અબ્દુલ મજીદને શનિવાર રાત્રે સ્થાનિક સમય મુજબ ૧૨ વાગીને એક મિનિટ પર કેરાનીગંજમાં ઢાકા સેન્ટ્રલ જેલમાં ફાંસી પર લટકાવી દેવાયા.

જેલર મહબૂબ ઉલ ઈસ્લામે આ વાતની પુષ્ટિ કરતાં જણાવ્યું કે, બંગબંધુ શેખ મુજીબુર્રહમાનની હત્યામાં સામેલ અબ્દુલ મજીદને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, છેલ્લા ૨૫ વર્ષ સુધી ભારતમાં છુપાઈને રહ્યા બાદ તેમની મંગળવારે જ ઢાકાથી ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવારે મજીદની પત્ની અને ચાર અન્ય સંબંધીઓને તેમને બે કલાક માટે મળવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પહેલા બાંગ્લાદેશના રાષ્ટ્રપ્રમુખ અબ્દુલ હામિદે મંગળવારે તેમની દયા અરજી ફગાવી દીધી હતી. દયા અરજી ફગાવ્યા બાદ એ વાતનો અંદાજો લગાવવામાં આવી રહ્યો હતો કે અબ્દુલ મજીદને ટૂંક સમયમાં ફાંસી આપવામાં આવી શકે છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, બાંગ્લાદેશમાં પકડાયા બાદ જયારે પોલીસે તેમની પૂછપરછ કરી તો તેઓએ જણાવ્યું કે તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ભારતના કોલકાતામાં છુપાઈને રહ્યા હતા. અબ્દુલની ધરપકડ અંગે ગૃહ મંત્રી જાણકારી આપતાં કહ્યું હતું કે પૂર્વ મિલિટરી કેપ્ટન અબ્દુલ માજિદને પકડી લેવામાં આવ્યા છે અને તેઓ બાંગ્લાદેશના લોકો માટે એક ઉત્તમ ભેટ છે કારણ કે આ વર્ષે રહમાનની જન્મ શતાબ્દી પણ છે.

# માનવતા ની મહાસત્તા

જગતજમાદાર અમેરીકા હોય કે પછી ચીન, રશિયા કે મહાસત્તા બનવાની લાલસા ધરાવતો અન્ય દેશ હોય કોરોના જેવી મહામારીમાં આ બધા દેશોને કુદરતના કહેર આગળ જુકવું પડ્યું છે. વિશ્વના દેશો જ્યારે મહાસત્તા બનવાની લાલસામાં મહવિનાશ તરફ આગળ વધી રહયા છે ત્યારે ભારત સમગ્ર વિશ્વમાં માનવતાની મિસાલ પેશ કરી રહ્યો છે.

અત્યારે જગતમાં વ્યાપેલી મહામારીમાં વિશ્વની મહાસત્તા કહેવાતો અમેરીકા ઘૂંટણિયે પડી ગયો છે. ચીન, ઈટાલી, ફ્રાંસ, સ્પેન,જાપાન જેવા દેશો કોરોના સામેની લડાઈમાં પરાસ્ત થતાં જાય છે ત્યારે સમગ્ર વિશ્વને ભારત તરફ આશાનું કિરણ દેખાઈ રહ્યું છે.

બદલાતા જતા સમયમાં માનવતાના મૂલ્યો ભૂલાતાં જાય છે ત્યારે વિશ્વ પર કોરોના જેવી મહામારીનો ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે આવી વિકટ પરિસ્થિતિમાં સમગ્ર વિશ્વને જોડવાનું ભગીરથ કાર્ય આપણું ભારત કરી રહ્યું છે.

મહાસત્તા બનવાની ભૂખમાં અમેરીકા - રશિયા વચ્ચે શીતયુધ્ધ શાંત નથી થયું ત્યાં અમેરીકા-ચીન વચ્ચે શરૂ થયેલું ટ્રેડ વૉર ખતરાની ઘંટી સમાન છે. બંને દેશો પોતાની મહત્વકાંક્ષા સંતોષવા ગમે તે હદ સુધી જાય તો નવાઈ પામવા જેવું કાંઇ નથી.

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ ચીન સમક્ષ આંગળી ચીંધી રહ્યું છે.જે રીતે અત્યારે કોરોનાના પ્રકોપના લીધે વિશ્વના મોટાભાગના દેશોમાં ઉદ્યોગ-ધંધા, બંધ છે ત્યારે કોરોનાના ઉદ્ભવસ્થાન ચીનના વ્યૂહાન પ્રાંત માં ફરીથી રસ્તા ધમધમવા લાગ્યા છે, વ્યાપાર- ઉદ્યોગ શરૂ થઈ રહ્યા છે. વિશ્વની અર્થવ્યવસ્થા ડગમગી

રહી છે ત્યારે ચીનની અર્થવ્યવસ્થા મજબૂત થતી જાય છે. આવી પરિસ્થિતિમાં ચીન પર શંકા ઉપજે એ સ્વાભાવિક છે. કેટલાક દેશ ચીન પર કોરોનાનો જૈવિક હથિયાર તરીકે ઉપયોગ કરવાનો પણ આરોપ લગાવી ચૂકયા છે. અમેરિકા તો ખુલ્લેઆમ કોરાના જેવી ભયંકર મહામારી ફેલાવવા માટે ચીન અને ઉૐ ની મીલીભગત ગણાવી રહ્યું છે. ચીન પણ પોતાના બચાવ માટે હર સંભવ પ્રયત્નો કરે છે. પરંતુ આવા મહામારીના સમયમાં એકબીજા પર આરોપ પ્રત્યારોપ કરવાના બદલે મદદરૂપ બનશું તો જ વિશ્વને આ મહામારી માંથી ઉગારી શકશું.

કોરોના જેવી મહામારીને નાથવા સમગ્ર વિશ્વને એકમંચ પર લાવવાનું ભગીરથ કાર્ય આપણા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સારી રીતે કરી રહ્યા છે. દીર્ઘદ્રષ્ટા અને નેતૃત્વની કુશળ ક્ષમતા ધરાવનાર વડાપ્રધાનશ્રીએ સૌ પ્રથમ શાર્ક ના સભ્યદેશો નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા અને પાકિસ્તાન સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી એકબીજાને મદદરૂપ થવા માટે આહવાન કર્યું. તેમણે શાર્ક દેશોને મદદરૂપ થવા ફંડ પણ જાહેર કર્યું. ત્યારબાદ વિશ્વના કોરોના પીડિત અન્ય દેશો જેવા કે ઈટાલી, ફ્રાંસ, સ્પેન, ચીન, અમેરીકા વગેરે દેશોના લીડર સાથે વાતચીત કરીને હરસંભવ મદદની ખાતરી આપી. માનનીય વડાપ્રધાન શ્રીએ ૪-૨૦ દેશોને પણ એકજૂટ થઈને કોરોના જેવી મહામારી સામે લડવા માટે આહવાન કર્યું અને આ લડાઈમાં ભારત તરફથી સંપૂર્ણ મદદની ખાતરી આપી.

હાલના સમયમાં વિશ્વની મહાસત્તા અમેરીકા અને વિશ્વના અન્ય દેશો ભારત પાસે મદદની આશા સેવી રહ્યા છે જેની પાછળનુ એક કારણ મેલેરિયાની સારવાર માટે વપરાતી હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવા છે. આ દવા કોરોનાના ચેપથી બચવા અને રોગીઓની સારવાર કરવામાં ખૂબ કારગર સાબિત થાય છે એવું વૈજ્ઞાનિક સંશોધનમાં સાબિત થયું છે.

ભારત હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાના ઉત્પાદનમાં વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે.વિશ્વના દેશો ભારત પાસે આ દવાની માંગણી કરી રહ્યા છે. ભારતે પણ આ દવા જરૂરિયાતમંદ દેશોને આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. અમેરિકા, બ્રાઝિલ અને ઈઝરાઈલ જેવા વિકસિત દેશો પણ ભારત પાસે આ દવાની માંગણી કરી રહ્યા છે ત્યારે ભારતે તેમને પણ આ દવા પુરી પાડવાનું વચન આપ્યું છે.

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે આ મદદ માટે આપણા દેશની ખૂબ પ્રશંશા કરી અને માનનીય વડાપ્રધાનશ્રીને વિશ્વના મહાન નેતા ગણાવ્યા. ઈઝરાઈલ ના રાષ્ટ્રપતિએ પણ ભારતના વડાપ્રધાનશ્રીની સરાહના કરી.બ્રાઝિલના રાષ્ટ્રપતિ બ્લોસોનારો કોરોનાની સારવારમાં કારગર સંજીવની બુટ્ટી સમાન એવી હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવા બદલ ભારતના વડાપ્રધાન શ્રીને વર્તમાન સમયના હનુમાન સાથે સરખાવે છે.

વાત અહીં કોઈ દેશના વખાણ કે નિંદા કરવાની નથી પણ આવા વિકટ સમયમાં પણ માનવતા ના મૂલ્યોને ઉજાગર કરતા નેતૃત્વની છે.મહાસતા ની લાલસામાં વિશ્વના દેશો જ્યારે મહાવિનાશ તરફ આગળ વધી વધી રહ્યા છે ત્યારે હરસંભવ મદદ માટેની ખાતરી આપનાર આપણો દેશ ભલે વિશ્વની મહાસત્તા ના હોય પણ માનવતાની મહાસત્તા ચોક્કસ ગણી શકાય. પ્રાચીન સમયથી વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના ધરાવનાર ભારતનું માનવતાની મહાસત્તા તરીકેનું સ્થાન કોઈ લઈ શકશે નહી.

શાંતિભાઈ ડી જોષી
શ્રી વવાર પંચાયતી પ્રાથમિક શાળા મુન્દ્રા (કચ્છ )

## રાજ્યમાં વધુ ૨૫ કોરોના પોઝિટિવ કેસ સાથે આંકડો ૪૯૦ને પાર

# લૉકડાઉનની પૉઝિટિવ અસર,પૉઝિટિવ કેસો ઘટ્યા: સરકારનો દાવો

*ગાંધીનગર,તા.૧૨*




ગુજરાતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના પોઝીટીવ કેસોમાં આજે પણ ૨૫નો વધારો થયો છે. તેમ છતાં સરકારે એવો સંતોષ વ્યક્ત કર્યો હતો કે લોકડાઉનના સકારાત્મક પરિણામો મળી રહ્યાં છે. એટલે કે લોકડાઉનનો કડક અમલ થઈ રહ્યો છે અને કોરોનાની ચેઈન તોડવામાં સરકારને સફળતા મળી રહી છે. તેથી કેસો ઓછા નોંધાયા છે. જો કે ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવે તો વધારે કેસો મળી શકે. પરંતુ ટેસ્ટીંગની માત્રા ઓછી હોવાથી કોરોનાના છુપા કેસો હજુ કાબુની બહાર છે. ગુજરાતે અત્યારસુધીમાં માત્ર ૧૦ હજાર ટેસ્ટીંગ કર્યું છે. જયારે હોમ કવોરોન્ટાઇન અને હોટસ્પોટમાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.રાજયના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જ્યંતિ રવિએ સવારની રૂટીન મિડિયા બ્રિફિંગમાં જણાવ્યું કે આજે વધુ ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૨૩ અને આણંદમાં ૨ કેસ સામે આવ્યા છે અને એકનું મોત થયું છે. આમ એક રીતે રાહતજનક એ બાબત છે કે અમદાવાદ અને આણંદ સિવાય એકપણ જિલ્લામાં નવો કેસ નોંધાયો નથી. આ સાથે રાજ્યમાં કોરોનાના કુલ દર્દી ૪૯૩ થયા છે. જયારે મૃત્યુઆંક ૨૩ પર પહોંચ્યો છે અને ૪૪ લોકો કોરોનના હરાવીને સાજા થઈને પોતાના ઘરે ગયા છે. ટલે કે તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અમદાવાદની એલ.જી. હોસ્પિટલમાં આજે મૃત્યુ પામેલા ૭૫ વર્ષીય પુરુષ હાયપર ટેન્શનના દર્દી હતા.૨૪ કલાક દરમિયાન ૨૬૬૩ના ટેસ્ટ કર્યા હોવાનું જણાવીને જયંતિ રવિએ જણાવ્યું કે,. કલોલ તાલુકના રાંચરડા ગામમાં ૬ વર્ષના બાળકનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાં કોઈ સીધો સંપર્ક જોવા મળ્યો નથી અને બાળકની તબિયત સ્થિર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ ૪૯૩ દર્દીમાંથી ૨૩ના મોત થયા છે. જ્યારે ૪૨૨ની હાલત સ્થિર અને ૪ દર્દી વેન્ટીલેટર પર છે. ૨૪ કલાક દરમિયાન ૨૬૬૩ના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૬૧ પોઝિટિવ અને ૨૪૮૬ નેગેટિવ આવ્યા છે જ્યારે ૧૧૬ રિપોર્ટ પેન્ડીગ છે. તેમ અત્યાર સુધીમાં કુલ ૧૦૯૯૪ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. તેમાં, ૪૯૩ પોઝિટિવ, ૧૦૩૯૭ નેગેટીવ અને ૧૧૬ના રિપોર્ટ પેન્ડીગ છે.અમદાવાદના નવા ૨૩ કેસ જમાલપુર, દાણીલીમડા, બહેરામપુરા, જમાલપુર, મણિનગર, ઘોડાસર, રાણીપ, કાલુપુર વિસ્તારમાં નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ ૨૬૬ કોરોનાના દર્દી થઈ ગયા છે.

દરમ્યાનમાં એક એવી લાગણી જોવામાં આવી રહી છે કે જો ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવે તો હજુ વધુ કેસો મળી આવે તેમ છે. આ એ કેસો હોઈ શકે કે જેમનામાં કોરોનાના લક્ષણો હોઈ શકે પરંતુ ટેસ્ટીંગના અભાવે એ વ્યક્તિને પણ ખબર નથી કે તેનામાં એવા લક્ષણો છે. બીજા દેશોમાં ટેસ્ટીંગની માત્રા વધારે હોવાથી વધારે કેસો બહાર આવી રહ્યાં છે અને સમયસર સારવારથી હજારો બચી પણ રહ્યાં છે. સરકારને એવી કોઈ બીક હોઈ શકે કે જો ટેસ્ટીંગ વધારવામાં આવે તો કેસો વધારે બહાર આવે અને લોકોમાં હાહાકાર મચી જાય. તેથી છેલ્લાં બે દિવસ કેસોની સંખ્યા ટેસ્ટીંગના કારણે વધી જતાં રાજ્યમાં હાહાકાર જોવા મળ્યો અને આજે કેસોની સંખ્યા ઓછી જોવા મળી હતી. કેસો વધશે એની ચિંતા રાખ્યા વગર સરકારે ટેસ્ટીંગની સંખ્યા વધારવી જોઈએ, એમ પણ સૂત્રો એ કહ્યું હતું.

## સમગ્ર દેશ માં કોરોના ની દહેશત છે ત્યારે

# અબોલપશુઓ માટે પણ એક પડકાર ગૌશાળા,પાંજરાપોળ સંચાલકો માટે મુસીબત



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોનાની દહેશત દેશ દુનિયાભરમાં છે જેને લઈ લોકડાઉન કરવામાં આવતા ફક્ત માનવ જીવનશૈલી પર જ અસર થઈ છે તેવું નથી પણ તેની સાથે સાથે અબોલ જીવો માટે પણ એક પડકાર છે જયારે પાંજરાપોળ ગૌશાળા સંચાલકો પણ મુકાયા છે મુસીબતમાં કારણ કે લોકડાઉન થતાં ઘાસચારના ટ્રાન્સપોર્ટેશન સહિત ખર્ચ બમણો થઈ ગયા છે તો બીજીબાજુ લોકડાઉનમાં સંસ્થા ને મળનારા દાનની આવક પણ બંધ થઈ ગયી છે.

ગુજરાત રાજયમાં સૌથી વધારે ગૌશાળા અને પાંજરાપોળો બનાસકાંઠા જીલ્લા માં આવેલ છે અહીં ૧૫૩ જેટલી ગૌશાળા અને પાંજરાપોળ છે અને તેમાં ૭૫ હજાર કરતા વધુ પશુધન આશ્રિત છે જેમાં શ્રી રાજપુર ડીસા પાંજરાપોળ મા ૯ હજાર પશુઓ આશ્રિત છે પાંજરાપોળો દાનની આવક પર જ નિર્ભર છે જેમનો રોજનો ખર્ચ લાખ્ખોમાં છે .

વર્તમાન સમસાયમાં કોરોના વાયરસના કારણે દેશવ્યાપી લોકડાઉનમાં આ સંસ્થાઓને મળતું દાન બંધ થઈ ગયું છે તો બીજી તરફ ઘાસચારા ના ટ્રાન્સપોર્ટેશન માટેના ભાડાઓમાં ૩ ઘણો વધારો થયો જેના કારણે આર્થિક બોજો વધતો જાય છે અને હાલની સ્થિતિમાં દાતાશ્રીઓનું ધ્યાન માનવસેવા તરફ છે અને સરકારે પણ માનવ સેવામાં મોટી સહાય કરી છે જયારે આ અબોલજીવોના જીવન શંકટ મા છે તેમના માટે કોણ વિચાર કરશે સરકારે પ્રતિ પશુ દૈનિક ૨૫ રૂ. સહાય જાહેર કરી છે તે રકમ તો ફક્ત ટ્રાન્સપોર્ટ મા જ પુરી થઈ જાય છે. જેના કારણે પાંજરાપોળો નું આર્થિક બજેટ ખોરવાઈ ગયું છે તો બીજી તરફ ઘાસના વેપારીઓ પહેલા બાકી પણ માલ આપતા હતા તે હવે એડવાન્સમાં પૅમેન્ટ માંગે છે જયારે આટલા તોતિંગ ખર્ચને કેમ પહોંચી વળવું તેને લઈને સંચાલકો મુંઝવણમાં મુકાયા છે ત્યારે સંચાલકોએ દાતાઓ અને સરકાર પાસે આ પશુઓના કલ્યાણ માટે આર્થિક સહાયની ટહેલ નાખી છે.

# અરવલ્લી જીનર્સ એન્ડ સીડ્સ પ્રોડયુસર દ્વારા covid 19 માટે એક લાખની સહાયનો ચેક અર્પણ



મોટી ઈસરોલ,તા.૨૨

ભારત દેશ અને ગુજરાત રાજય માં ચાલી રહેલી નોવેલ કોરોના વાયરસ સામેની લડતમાં મુખ્યમંત્રી રાહત ફંડ માં અરવલ્લી જીનર્સ એન્ડ સીડ્સ પ્રોડયુસર દ્વારા ઉમિયા જીનીગ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટ- સાકરીયા તુલસી જીનીંગ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટ-મોડાસા મારુતિ સીડ્સ-મેઘરજ ઉમા જીનીંગ એન્ડ સીડ્સ પ્રોસેસીંગ -સખવાણીયા વેદમુર્તિ જીનીંગ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટ- સાઠંબા અલ્પાઈન સીડ્સ પ્રા. લી.ટીટીસર ઉમા સીડ્સ પ્રોસેસીગ પ્લાન્ટ-અરજણવાવ શિવમ એગ્રો એન્ડ જીનીંગ-ઝાલોદર ગાયત્રી સીડ્સ-સાઠંબા અધિક નિવાસી કલેકટર શ્રી તથા મામલતદાર શ્રી ને રૂપિયા ૧૦૦૦૦૦ /- ની સહાય ના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા

# કેશોદના પાડોદર ગામે લોકડાઉન માં પેટીયું રળવા સહાય વિહોણા મજબુરીમાં કરતાં કાળી મજૂરી

કેશોદ: કેશોદ તાલુકાનાં પાડોદર ગામે લોકડાઉન માં પણ નિયમો નેવે મૂકીને બહારગામથી આવેલા મજુર પરિવાર પાસે કામ કરાવી શોષણ કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. કેશોદ તાલુકાના પાડોદર ગામે ગૌચરની જમીનમાં ઉભેલાં ગાંડા બાવળ કાપી જગ્યા ખુલ્લી કરવાં ગ્રામપંચાયત દ્વારા ઈજારો આપવામાં આવેલ છે ત્યારે મોરબી જિલ્લાના બારેક મજુરોને ઈજારદાર કાનાભાઈ દ્વારા ગાંડા બાવળ કાપી કોલસા બનાવવા અને લાકડાં છકડામાં ચોખ્ખા કરી ભરી આપવાનું મજુરી કામ આપવામાં આવ્યું હતું. કોરોના વાયરસ ફેલાતો અટકાવવા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલાં લોકડાઉન માં સોશ્યલ ડીસ્ટન્સ જળવાઈ રહે તે માટે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે અને આવશ્યક જીવનજરૂરી ચીજવસ્તુઓના વેપાર ધંધા માટે નિયત સમય નક્કી કરી ચુસ્તપણે પાલન કરાવવામાં આવે છે. કેશોદના પાડોદર ગામે લોકડાઉન દરમિયાન ઈજારદાર દ્વારા મંજુર પરિવાર પાસે કામ કરાવવા માં આવી રહ્યું છે અને પેટીયું રળવા આવેલ મજુર પરિવાર મજબુરીમાં ધગધગતા તાપમાં કાળી મજૂરી કરી રહ્યાં છે. રોજની છ થી સાત છક્કડો રીક્ષા ભરીને લાકડાં ઈજારદાર દ્વારા વેચવામાં આવે છે અને દોઢસોથી વધુ કોલસાના કોથળા તૈયાર કરી રાખવામાં આવેલાં છે. મોરબી જિલ્લાના રમેશભાઈ નો પરિવાર કોરોના વાયરસ નાં પગલે ગામવાસીઓ એ મનાઈ કરતાં ગામમાં જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા જઈ શકતાં નથી ત્યારે અવાવરૂ વિરાન વગડામાં મજબુરીમાં જીંદગી નાં દિવસો વ્યતિત કરે છે. પરપ્રાંતીય મજુરો અને બહારગામથી આવેલા મજુરોને સરકાર દ્વારા અનાજ કરિયાણાની કીટ વિતરણ કરવામાં આવે છે ત્યારે આ મજુર પરિવાર ને કોઈ સહાય મળી નથી. કેશોદના પાડોદર ગામે લોકડાઉન માં ચાલતી લોકડાઉન નાં ભંગ કરતી પ્રવૃત્તિઓ અને લાકડાં ભરીને નીકળતાં છકડાઓ ફરજ બજાવતા પોલીસ અધિકારી કે જીઆરડી કે એલઆરડી જવાનોને ધ્યાનમાં આવ્યું નહીં હોય કે આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં હશે. પૈસા કમાવવા ઈજારદાર ની મેલી મુરાદ પાછળ મોરબી જીલ્લાનું મજુર પરિવાર જીવનાં જોખમે કાળી મજૂરી કરી રહ્યાં છે ત્યારે જવાબદાર તંત્ર ની જવાબદારી કેટલી...? કેશોદ તાલુકા વિકાસ અધિકારી નો ઉડાઉ જવાબ આવી મંજુરી આપ્યાનો નનૈયો... કેશોદ: કેશોદ તાલુકા વિકાસ અધિકારી અર્પણ ચાવડાને પાડોદર ગામે ગૌચરની જમીનમાં લોકડાઉન માં ચાલતી પ્રવૃતિઓ અંગે પુછતાં આવી કોઈ મંજુરી આપવામાં આવી નથી એવું જણાવી જવાબદારી ખંખેરવા લાગ્યાં છે. કેશોદ તાલુકા પંચાયત નાં ઉપપ્રમુખ ખીમાણંદ ધુસરે જણાવ્યું હતું કે ગાંડા બાવળ કાપી કોલસા બનાવવા માટે કામગીરી કરતાં મજુરો નો સરવે કરી સહાય માટે યાદી મોકલી છે. ગેરકાયદેસર ચાવતી પ્રવૃતિઓ માટે એકબીજા પર ઢોળી ખો આપવામાં આવ્યો હતો.

## ભાજપના MLA હર્ષ સંઘવીનું અવનવું

# ગરીબોને સહાય સેવાના તાયફામાં સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવ્યા




લોકડાઉન વચ્ચે કોરોનાથી બચવા માટે સૌથી અગત્યનું સોશિયલ ડિસ્ટન્સિંગ છે ત્યારે તંત્ર અને પોલીસ દ્વારા લોકોમાં તેને લઈને કડક અમલ કરાવામાં આવી રહી છે.તો શું આ બાબત ધારાસભ્ય હર્ષ સંઘવીને લાગુ નથી પડતી ? સલામતીના જે પગલાંઓ સરકારે લઈ રહી છે તેમાં હર્ષ સંઘવીને સેવા કરવાની ઈચ્છા થઈ તે વ્યાજબી છે પણ લોકડાઉન ના નિયમો કેમ ન પાળ્યા ?

ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે.જેને લઈને સરકાર લોકોને લોકડાઉનનું પાલન કરવા અને સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન કરવા કહી રહી છે.ત્યારે ધારાસભ્યની હાજરીમાં જ લોકડાઉનનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે.સુરતમાં ધારાસભ્ય હર્ષ સંઘવીની હાજરીમાં જ નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનું જોવા મળ્યું છે.જેમાં રાહત સામગ્રીની લાઇનમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું કોઈ પાલન થઈ રહ્યું નથી.આ કાર્યક્રમમાં જ ધારાસભ્ય હર્ષ સંઘવી બેઠા હોવા છતાં તેઓ પણ કોઈને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાની અપીલ કરી રહ્યાં નથી.

ત્યારે સવાલ એ થાય છે કે શું આ રીતે કોરોના દૂર થશે? જો એક ધારાસભ્ય સામે જ સોશિયલ ડિસ્ટન્સિંગનું ઉલ્લંઘન થશે તો કેવી રીતે કોરોનાને માત આપીશું? લોકો પણ કેમ ગંભીરતા નથી સમજતા?

એક સમજદાર નાગરિક અને ધારાસભ્ય તરીકે હર્ષ સંઘવીએ લોકોને જાગૃતતા દાખવવા સમજણ આપવી જોઈએ એના સ્થાને હર્ષ સંઘવી જ લોકોના ટોળાં વચ્ચે સેવા કાર્ય કરવા પહોંચ્યા હતા પણ ત્યાં સોશિયલ ડિસ્ટન્સીગનો ધરાર ભંગ ખુદ ધારાસભ્યની હાજરીમાં જ થયો હતો.રાજ્ય અને દેશભરમાં કડક સોશ્યલ ડિસ્ટન્સીગનો અમલ સામાન્ય લોકો પાસે ફરિજયાત અમલ કરાવવામાં આવી રહ્યો છે ત્યારે શું આ ગાઈડલાઈનનો ફોલો અપ પોતાની સરકારના ધારાસભ્ય કે ભાજપના અન્ય હોદેદારોએ ચુસ્તતાથી ન કરવો જોઈએ ? જેવા સવાલો સામાન્ય નાગરિકોમાં ચર્ચાય રહ્યા છે.બે દિવસ અગાઉ જ ભાજપના નેતા જયરામે જાહેરમાં બર્થ ડે પાર્ટી મનાવી લોકડાઉનના ધજાગરા ઉડાડ્યા હતા હવે ત્યારબાદ ભાજપના મજુરા વિધાનસભ્ય હર્ષ સંઘવી ગરીબોને અનાજ અને જમવાનું પોંહચાડવાની સેવા કાર્યમાં જોતરાયા હતા જ્યાં લાંબી લાઈનો લાગી હતી.જેમાં લોકો ભોજન મેળવવા એકઠા થયા હતા,આ દરમયાન માસ ગેથરીંગ અંગે કોરોના મહામારીને લઈ તંત્રના આદેશ છે તેનો ભંગ થયો હતો.

વધુમાં ગરીબોના મશિયાહ બનવાના કાર્યક્રમમાં વ્યસ્ત ધારાસભ્ય સેવામાં રત હતા ને સોશ્યલ ડિસ્ટન્સીન્ગ નું પાલન કરવાનું પણ ચુક્યા હતા.હવે પ્રશ્ન એ પણ ઉપસ્થિત થાય છે ,કે ધારાસભ્યના સેવા કાર્યક્રમ દરમ્યાન કોઈક કોરોનાગ્રસ્ત વ્યકતિ ત્યાં હાજર હોત અને જેના થકી અન્યોને પણ આ ચેપ લાગી ગયો હોત અથવા સંક્રમિત થયા હોત અને ગંભીર પરિસ્થિતિ સર્જાઈ તે તો એ માટે જવાબદાર ધારાસભ્ય હર્ષ સંઘવી ને ઠેરવવા ? કે પેલા જે ગરીબો અનાજ અને ભોજન મેળવવા આવ્યા હતા એમને ? આ સમગ્ર પરિસ્થિતિ માટે શું પોલિસ હર્ષ સંઘવીએ આયોજિત કરેલા કાર્યક્રમ વિરુદ્ધ કાર્યવાહી કરશે એવા સવાલોએ પણ હાલના તબબકે ચર્ચા જગાડી છે.

અત્રે નોંધનીય છે,કે થોડા દિવસો અગાઉ સોશિયલ મીડિયામાં ધારાસભ્ય હર્ષ સંઘવી એક મોપેડ ઉપર ટ્રિપલ સવારી કરતા પણ નજરે પડ્યા હતા અને જે તે સમયે કેમેરામાં કેદ થયેલી તે તસ્વીર સોશિયલ મીડિયા વાયરલ થઈ હતી અને ખુદ ભાજપના જ નેતાઓમાં આ બાબાતે તરહ તરહની છુપી ચર્ચા અન્ય સામાન્ય શહેરીજનોની જેમ ચર્ચાય હતી.આ ઉપરાંત મજુરા વિધાનસભમાં ઠેર ઠેર સામાન્ય પ્રજાના પડતર પ્રશ્નોનું પણ ત્વરિત કોઈ નિવારણ આવતું ન હોવાની ફરિયાદો ખુદ ભાજપના જ ગઢ ગણાતા આ વિસ્તારના રહીશોમાં સમયાંતરે ઉઠતી રહી છે.ત્યારે એ પ્રશ્ન પણ ખુદ ભાજપના મતદારોમાં ચર્ચાએ છે કે ઘણા લાંબા સમયથી અને બીજી ટર્મ દરમ્યાન પણ અનેકવાર અદ્રશ્ય થઈ ચૂકેલા ધારાસભ્ય આ વિસ્તારોમાં પ્રજની મદદ અને પડતર પ્રશ્નોના નિવારણ માટે કયારે દર્શન કે દેખા દેશે ?




**ચૂંટણીઓ આવે એટલે ભાજપ વિશ્વકર્માં આ પૂત્રો કારીગર ભાઈઓ ના બહેનો મત લેવા શ્રમિક અનનપૂર્ણાં ભંડાર થોડા દિવસ ચાલૂ કરે છે ચૂંટણી પતી જાય પછી બંધ.આજે ગરીબ - મદયમવર્ગં કારીગર - મજૂરો ભાઈઓ ને બહેનો ને બે ટંક નો રોટલો નથી મળતો તો આ અનનપૂર્ણાં ભંડાર આખા ગુજરાત મા કેમ ચાલુ કરવાનુ સૂજતુ નહી હોય. અખિલ ભારતીય વિશ્રવકર્માં સેના જયેશ ગેડીયા**

## ૧૩ એપ્રિલ ૨૦૨૦થી ૧૭ એપ્રિલ ૨૦૨૦ સુધી

# રાજ્યના APL 1 એવા ૬૦ લાખ કાર્ડ ધારકોને વિના મૂલ્યે અનાજ વિતરણ કરાશે

ઓળખના પુરાવા તરીકે APL1 કાર્ડ સાથે આધાર કાર્ડ લઈ જવાનું રહેશે

કુટુંબ દીઠ **10 Kg** ઘઉં, **3 Kg** ચોખા,**1 Kg** દાળ, કિલો ખાંડ અને **1 Kg** મીઠાનું વિતરણ કરવામાં આવશે

ગુજરાત સરકાર ૧૦ કિલો ઘઉં, દાળ અને ચોખા મફતમાં આપશે, આધાર કાર્ડ અને રેશન કાર્ડ પુરાવા રૂપે આપવાનું રહેશે, અઢી કરોડ લોકોને લાભ મળશે

રાશનકાર્ડનો છેલ્લો આંકડો ૧ અને ૨ હોય તેમને ૧૩ એપ્રિલે.
૩ અને ૪ હોય તેમને ૧૪ એપ્રિલે.
૫ અને ૬ હોય તેમને ૧૫ એપ્રિલે.
૭ અને ૮ હોય તેમને ૧૬ એપ્રિલે.
૯ અને ૦ હોય તેમને ૧૭ એપ્રિલે અનાજ મળશે : ગુજરાત સરકાર

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**
**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**
**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**

## આંબલીયારા પોલીસે ગુન્હો નોંધી કાયદાનું ભાન કરાવ્યું

# બાયડના લીંબ ગામે હોમ કોરન્ટાઈન કરેલ શખ્શ ગ્રામ પંચાયતમાં પહોંચ્યો




અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસ વૈશ્વિક મહામારી જાહેર થઇ ચુકી છે આમ છતાં અમુક નાગરિકો ગંભીરતા દાખવતા નહી હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે વિદેશ,આંતરરાજ્ય કે જિલ્લા કે પછી કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા નાગરિકોને ફરજીયાત ૧૪ દિવસ હોમ કવોરન્ટાઈન રહેવાનું હોય છે જોકે, ઘણા વ્યક્તિ તે બાબતે પણ ગંભીરતા દાખવતા નથી.હાલ શહેરો માંથી મોટા પ્રમાણમાં લોકો ગામડામાં પહોંચી ગયા છે અને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા હોવા છતાં બિન્દાસ્ત ગામમાં આંટાફેરા મારતા હોવાની બૂમો ઉઠી છે

અરવલ્લીના બાયડ તાલુકાના લીબ ગામે અમદાવાદ ના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતો વ્યક્તિ વતનમાં આવતા આરોગ્ય તંત્રએ તપાસ કરી હોમકોરન્ટાઇન કરવામાં આવ્યો હતો તેમ છતાં ગામમાં ભંગ કરી ફરતો રહેતો હોવાની સાથે ગ્રામ પંચાયતમાં પહોંચતા આંબલીયારા પોલીસને જાણ કરતા પીએસઆઈ આશિષ પટેલે હોમકોરન્ટાઈનનો ભંગ કરનાર જયંતીભાઈ સવજીભાઈ મકવાણા વિરુદ્ધ કોરન્ટાઇન ભંગની ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા જયંતીભાઈ સવજીભાઈ મકવાણા કોરોના મહામારીના પગલે ૧૦ એપ્રિલે લીંબ ગામે પહોંચતા આરોગ્ય વિભાગની ટીમને જાણ થતા તાબડતોડ શખ્શના ઘરે પહોંચી તપાસ કરી ૨૩ એપ્રિલ સુધી હોમ કોરન્ટાઈન અંગે સમજાવી હોમ કોરન્ટાઇ કર્યો હતો ગામના સરપંચ અને તલાટીએ પણ વારંવાર હોમ કોરન્ટાઈનનો ભંગ ન કરવા સમજાવતા છતાં દ્રેષ પૂર્વક કોઈ પણ પ્રકારનું કામ ન હોવાછતાં લીંબ પંચાયતમાં પહોંચતા આ અંગે આંબલીયારા પોલીસને જાણ કરતા તાત્કાલિ લીંબ ગામે પહોંચી જયંતીભાઈ સવજીભાઈ મકવાણા વિરુદ્ધ કોરન્ટાઇન ભંગની ફરિયાદ નોંધી તેઓ હાલ હોમ કોરન્ટાઇન હોય તે સમયગાળો પૂર્ણ થયા બાદ તેમની પોલીસ ધરપકડ કરી કાર્યવાહી કરશે તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK